# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૧ | ૧ | ૧૫-૪-૨૦૦૯ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**શ્રીમતી રીટા મુ. ગાંધી** (S.E.O.)

**નિકેશ જ. ગાંધી**

**અમીત વ. પારેખ**

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ı ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# અનિકેતનો ગુનો શું?

***– નિખિલ પરીખ***

બ્રીચકેન્ડી હોસ્પિટલના ત્રીજા માળે ૩૦૨ નંબરની રૂમમાં અનિકેત સુતો હતો. ડૉકટરે કીધું હતું ચિંતાનું કોઈ કારણ નથી. Over Exertion ના લીધે હાઈ બી.પી. હતું. થોડો વખત આરામ લેવાથી સારું થઈ જશે. અનિકેતે એની સેક્રેટરી મીસીસ ડીસોઝાને હવે ઘરે જવા કહ્યું પણ સર..... એ ખ્રિસ્તી બાનુનો અનિકેતને એકલા મુકીને જવાનો જીવ ન ચાલ્યો પણ અનિકેતે પરાણે એમને ઘરે મોકલી આપ્યાં. તમારે પણ ઘર જોવાનું ને! અહીં નર્સો અને ડૉકટર છે Don't worry, I will be alright મીસીસ ડીસોઝાએ જતાં જતાં નર્સને અનિકેતનું ધ્યાન રાખવાની ખાસ વિનંતી કરી અને બીજે દિવસે સવારે વહેલા આવવાનું Promise આપીને એમણે વિદાય લીધી. અનિકેત રૂમમાં એકલો પડયો. ત્રીસ વર્ષમાં પહેલીવાર એને એકલતાં લાગી, એવું નહોતું કે પહેલાં એ એકલો નહોતો પડયો પણ આ એકલતાં કંઈક અલગ હતી. એને આજે પહેલીવાર કોકની હુંફની જરૂર લાગી. ના! અનિકેત એકલો નહોતો, એને એક સુંદર પત્ની સોનીયા અને બે પુત્રો રોહન અને નીલય સાથેનો ચાર જણાનો પરિવાર હતો. બન્ને પુત્રો ભણીગણીને વધુ અભ્યાસ માટે ઓસ્ટ્રેલીયા જઈને વસ્યાં હતાં. પત્ની સોનીયા પણ પુત્રોનું ધ્યાન રાખવા વર્ષમાં આઠ નવ મહિના ત્યાંજ રહેતી. મીસીસ ડીસોઝાએ સોનીયાને અનિકેતની બિમારીના ન્યુઝ આપી દીધા, પરંતુ ડીસેમ્બરની સીઝનમાં એને India ની ફલાઈટની ટીકીટ જલ્દીથી ન મળી અને આમ પણ મીસીસ ડીસોઝાએ કીધું હતું ચિંતાનું કોઈ કારણ નથી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

# હેલ્થ ચેક અપ કેમ્પ – મુંબઈ વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત હેલ્થ ચેક અપ કેમ્પ વીશે જણાવવાનું કે મુંબઈ વિભાગમાંથી સીરીયલ નંબર ૧ થી ૩૦૦ જે કોઈ ભાઈઓ તથા બહેનોના ચેક અપ થઈ ગયા હોય તેઓએ ખાસ નોંધ લેવી કે તા. ૨૬-૪-૦૯ રવિવારના સવારે ૯ થી ૧૨ દરમ્યાન સંસ્થાના કાર્યાલય ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪ માંથી તેઓ એ ભરેલા રૂા.૨૦૦/- પીન્ક Refund Token સામે પરત લઈ જવા વિનંતી. Refund Token વગર આવેલ વ્યક્તીને કોઈ પણ કારણસર રકમ પરત કરવામાં આવશે નહીં, તેમજ જે કોઈ ભાઈઓ તથા બહેનોએ ચેક અપ નહી કરાવ્યા હોય તેઓને પણ રકમ પરત કરવામાં આવશે નહી. તેની ખાસ નોંધ લેશોજી.

*સૌમીલ મોદી -કન્વીનર*
*મંજુલ ધારીયા-મંત્રી*

છ દિવસ પછી અનિકેત ઘેર આવ્યો. ઘરે જુનો નોકર રાજુચાચા તથા રસોઈયો માવજીભાઈ એની સેવામાં સતત હાજર રહેતાં પરંતુ અનિકેત પોતાના માણસોની હાજરી ઝંખતો હતો. સોનિયા હજી બે દિવસ પછી આવવાની હતી અને છોકરાઓએ તો આવવાની ચોખ્ખી ના પાડી દીધી. Dad you will be alright આટલી નાની બાબતમાં અમે નવી જોબ છોડીને ના આવી શકીએ. મમ્મી આવે છે ને, અનિકેતને ડૉકટરની ના છતાં ગુસ્સો આવી ગયો પણ સામે રોહન એકદમ 'કુલ' હતો. એને અનિકેતની કોઈ વાત સ્પર્શતી નહોતી. એ સહજ બોલી ગયો Dad don't be so emotional. What do you expect from us? રોહન બોલતો ગયો પણ અનિકેતના કાન સુધી એની કોઈ વાત પહોંચતી નહોતી. What have you done for us? When did you give us time? એ એક જ વાક્યે અનિકેતને ચેતનાહીન કરી નાખ્યો.

આ શાબ્દીક પ્રહારમાંથી કળ વળતાં અનિકેતને વાર લાગી પરંતુ એણે એની જાતને સંભાળી લીધી. આમ જુઓ તો રોહન ખોટું પણ ક્યાં બોલ્યો હતો. અનિકેતની પાસે આજે એકલતાં પણ હતી અને સમય પણ, પાછળની જીંદગી વિશે વિચારવાનો. એ પાછલી જીંદગીના ભૂતકાળમાં સરી પડયો.

સંયુક્ત કુટુંબમાં રહેતા કૃપાશંકરનું અનિકેત બે દીકરીઓ પછીનું સૌથી નાનું સંતાન. શાળામાં માસ્તરી કરતાં કૃપાશંકરની આવકમાંથી બાર સાંધો તો તેર તુટે એવી ઘરની હાલત હંમેશા રહેતી. અનિકેતના કાકાઓ પણ પરણીને સસરા નામના ઝાડનો સહારો લઈને વેલો બનવા ઘરમાંથી નિકળી પડયાં. બહેનોને પરણાવવામાં અને છોકરાંઓને ભણાવવામાં કૃપાશંકરની કેડ ભાંગી ગઈ પણ અનિકેતને ભણાવવા માટે એમણે કોઈ કચાશ ન રાખી. અનિકેતે મનોમન નક્કી કરી નાખ્યું હતું. ગરીબીના આ શાપ ને નાથી ને જ રહીશ. ભણવામાં ખુબ જ મહેનત કરી અનિકેત કેમીકલ એન્જીનીયર બન્યો. પિતાની સારી શાખથી એને સારી નોકરી પણ મળી ગઈ. પણ એના જીવને જંપ નહોતો. પોતાને જે નથી મળ્યું એ બધુ જ મારા છોકરાઓને મળે. મારી મા એ જે દુઃખ ભોગવ્યું છે એવું દુઃખ મારી પત્નીને ન પડે. બસ એક જ ધ્યેય હતું એના જીવનમાં આગળ વધવાનું. બે બહેનોને પરણાવીને જવાબદારીમાંથી જાણે મુક્ત થવાની રાહ જોતા હોય એમ મા-પિતા બંન્નેએ અણધારી વિદાય લઈ લીધી અને અનિકેત દુનિયામાં જાણે એકલો પડી ગયો. પણ ના ત્યારે એને આ એકલતા અભિશાપરૂપ નહોતી લાગતી. એને તો મહેનત કરવા માટે મોકળું મેદાન મળી ગયું. નોકરીના એક પછી એક પગથિયા અનિકેત ઝડપથી ચઢવા લાગ્યો. બહેનોના આગ્રહને વશ થઈ અનિકેતે સોનિયા સાથેનું લગ્નજીવન શરૂ કર્યું. સોનિયા એક સમજુ અને પ્રેમાળ પત્ની હતી. એ અનિકેતની સફળતા પાછળની દોડ સમજતી હતી પરંતુ બાળકોમાં આ સમજણ ક્યાંથી લાવવી. બાળકોને જ્યારે પપ્પાની જરૂર હતી ત્યારે અનિકેત તો પોતાના નવા બિઝનેસ માટે દેશ વિદેશના પ્રવાસોમાં વ્યસ્ત હતો. છોકરાઓને  સારામાં સારી સ્કુલમાં ભણાવવા, એમને દુનિયામાં પૈસાથી ખરીદી શકાય એવી દરેકે દરેક ખુશીઓ આપવી. એવા ધ્યેય માટે અનિકેતે પોતાની જવાની દાવ ઉપર લગાવી દીધી. સોનિયાએ કુટુંબની અને બાળકોની જવાબદારી સમજણપૂર્વક નિભાવી પણ બાળકોના મનમાં અનિકેત માટે આવો અભાવ ક્યારે આવી ગયો એ એને સમજણ ન પડી. આજે અનિકેત પોતાના જીવનનું સરવૈયું કાઢવા

બેઠો. જીવનમાં આજે એની પાસે બધું જ હતું. બંગલો, ગાડી, નોકર, ચાકર, મોટી ઓફિસ, સ્ટાફ, વિદેશમાં ઓફિસો, ઓસ્ટ્રેલીયામાં ફલેટ અને એણે પોતાના ગણાય એવા લોકો માટે બને એટલું બધું જ કર્યું હતું. બન્ને બનેવીઓનો હાથ પકડીને એમને વિદેશમાં પોતાની ઓફિસો સોંપી હતી. છોકરાંઓને સારામાં સારું ભણતર અને વિદેશમાં રહેવા ભણવા માટેના પૈસા બધુ જ કરી છુટયો હતો. તો! આ બધું હોવા છતાં આજે રોહન પાસેથી આવું કેમ સાંભળવું પડયું? શું કુટુંબની ગરીબી દુર કરવી ગુનો હતો? બહેનો માટે છોકરાઓ માટે કમાવવું અને કમાવા માટે દિવસ રાત ન જોતાં મહેનત કરવી ગુનો હતો? લોકો કહે છે પુરુષની જીંદગીમાં એક દાયકો આવે છે પૈસા કમાવવાનો, તો શું એ દસ વર્ષમાં મહેનત કરીને બાકીની જીંદગીનું સુખ રળી લેવું એ ગુનો હતો? બાળકને દુનિયાનું બધુ સુખ બધુ જ ઐશ્વર્ય આપવું. જીંદગીમાં આગળ વધવા માટેની બધી જ તકો મેળવી આપવી એ ગુનો હતો?

વાલ્યામાંથી વાલ્મીકી બનતા પહેલાંના પ્રશ્નના જવાબમાં એમના કુટુંબીજનોએ એમના પાપમાં ભાગીદાર બનવાની ના પાડી દીધી હતી અને જ્યારે એમણે વાલ્મીકી બન્યા પછી આ ધંધો છોડયો હશે ત્યારે પાછળ એમના કુટુંબીજનોએ કેવી રીતે પુરું કર્યું હશે એનો કોઈ ઇતિહાસ આપણી પાસે નથી. પણ મેં તો મારા કુટુંબીજનો માટે કોઈ પાપ કર્યા વગર ફક્ત સખત મહેનતથી પૈસા મેળવ્યા છે. તે છતાં, સુખ અને ઐશ્વર્ય પામ્યા છતાં આજે મને મારા છોકરાઓ ગુનેગાર સમજે છે અને એના માટે એકલતાની સજા પણ આપવા માંગે છે તો આમાં મારો ગુનો શું? મારા જેવા લાખો પુરુષો જેમણે પરિસ્થિતિ સામે થઈને આખી જીંદગી ખર્ચીને કુટુંબ માટે બધુ મેળવ્યું એ બધાનો ગુનો શું? આટલું વિચારતા તો અનિકેતની આંખોમાંથી બે આંસુ સરી પડયા અને એને જાણે પોતાની આખી જીંદગીની મહેનત પર પાણી ફરી વળતું લાગ્યું. પુરુષ કેટલો લાચાર બની શકે છે, પોતાના જ કુટુંબીજનો પાસે, એ એણે આજે અનુભવ્યું. આપણી આજુબાજુ આવા હજારો અનિકેત રહે છે. એ આપણા ઘરનો નોકર હોઈ શકે, ઓફિસનો કર્મચારી હોઈ શકે જે પોતાના કુટુંબ માટે કમાવવા માટે પોતાના કુટુંબથી દુર રહીને વર્ષો વિતાવે છે. વર્ષમાં ફક્ત એકાદ વાર છોકરાઓ પાસે, કુટુંબ પાસે માંડ જઈ શકે છે. બાકી તો દર મહિને ફક્ત બસો પાંચસોનો ડ્રાફ્ટ જ પહોંચી શકે છે. આ લોકો મજબુરીથી પોતાના છોકરાઓથી દુર રહે છે અને દુઃખની વાત તો એ છે કે આમ છતાં એકાદ ટકો માંડ અનિકેતની જેમ સફળ થાય છે. તો આવા હજારો અનિકેતનો તેના બાળકોની નજરમાં ગુનો શું?

D D D

## કવિ અને કવિતા

- કવિ આત્માનો ચિત્રકાર છે
- હૃદયથી તો બધા માનવી કવિ જ હોય છે
- ક્ષણમાં જીવે એ માનવી, ક્ષણને જીવાડે એ કવિ.
- કવિ જ્યારે કવિતા લખે છે, ત્યારે તે અલૌકિક માનવી બની જાય છે.
- ભાવનાથી રંગાયેલી બુદ્ધિ એ જ કાવ્ય છે.

# માતા-પિતાની ભક્તિ.......

માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આ સનાતન સૂત્ર વેદોએ ઘોષીત કરેલ છે. અનાદિકાળથી ઈશ્વરની ભક્તિ કરતાંય માતૃભક્તિ અને પિતૃભક્તિ સર્વશ્રેષ્ઠ છે. માતા-પિતાને દેવ તુલ્ય, તિર્થરૂપ ગણવામાં આવ્યો છે. જે પુત્ર-પુત્રવધુ માતા-પિતાને ત્રાસ આપે છે. તેઓના તમામ પુણ્યોનો તુરંત જ નાશ થઈને પાપાત્મા બની જાય છે. આવી સર્વે વ્યક્તિઓ અંતે કીડાઓથી ભરેલ દારૂણ નર્કમાં પડે છે.

મા-બાપની યથા યોગ્ય સેવા કરવી એ દરેક સંતાનની પવિત્ર ફરજ છે. જેણે બાપને કે માને હેરાન કર્યા હોય, દુઃખ દીધું હોય એવાં ઘણાંય પાપાત્માઓઆ જગતમાં વસે છે. પરંતુ અપવાદરૂપ ઘણાંય એવાં સંતાનો જોવામાં આવ્યો છે. જેઓ અવિરત મા બાપની દેવ માનીને સેવા ચાકરી કરી છે. પુત્ર શ્રવણ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. એઓ સદાય સુખી છે. જે મા-બાપની સેવા કરે છે તેઓ ઈશ્વરનાં પણ પ્રિય ભક્તો છે. જેઓ મા-બાપની અવગણના કરે છે. એ બધેથી ધિક્કારને પાત્ર બને છે. જ્યાં મા-બાપ છે ત્યાં જગતનાં સર્વ તીર્થ છે. જીવનની દરેક યાત્રાઓનો અંત માતા-પિતાનાં ચરણોમા જ આવે છે. માતા-પિતાની સેવાથી સન્મતિ-સંપત્તિ મળે છે. જેની મતિ કુમાર્ગે જતી હોય તેના ઉપર માતા-પિતાનાં આશિર્વાદ નથી તે ચોક્કસ છે.

સામાન્ય રીતે આધુનિક સમાજમાં એક વસ્તુ ખૂબજ સતત જોવા મળે છે. કે માતા-પિતા અનેક કષ્ટ, દુઃખો વેઠી, પેટે પાટા બાંધી એકના એક સંતાનનો શ્રેષ્ઠ ઉછેર કરે છે એ જ બાળક યુવાન બની લગ્ન જીવનમાં પ્રવેશતાં સઘળું સનાતન સત્ય ભૂલી કવચિત વહુ ઘેલા બની જતાં એજ મા-બાપની અપેક્ષા કરવાનું શરૂ કરે છે. આવાંતો અનેક દાખલા આપણને અવારનવાર આપણાં કુટુંબીજનોકે આપ્તજનોમાં સામાન્ય રીતે જોવા મળે છે.

યજ્ઞો કરવાથી કે પૂજા પાઠ કરવાથી જે પુણ્ય નથી મળતું તે પુણ્ય ફક્ત માતા-પિતાની શ્રેષ્ઠતમ સેવા કરવાથી આસાનીથી પ્રાપ્ત થાય છે. મા-બાપની સાચી સેવા કર્યા વગર સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી નથી. માતા-પિતાની ભક્તિ ઈશ્વરભક્તિ કરતાંય ઉત્તમ છે. હંમેશા માતા-પિતાને વંદન કરો, તેમની આજ્ઞા કે ઈચ્છાને માન આપો. વિવેકપૂર્ણ વ્યવહાર જાળવો, કદિય વડીલોનું અપમાન થાય તેવું વર્તન હરગીજ ના કરો.

સંતાનોના સદ્વર્તનથી માવતર ખુશ રહેતા હોય તેઓ ઉપર માવતરનાં અંતરનાં આશિર્વાદ સતત વરસતાં જ રહેતાં હોય છે. માવતરની આંતરડી ઠરે અને જે આશિર્વાદ મળે તેનાંથી સંતાનો કદિ દુઃખી થતાં નથી. શ્રી ઠાકોરજીની અમિદ્રષ્ટિ સદૈવ આવાં સંતાનોને પ્રાપ્ત થતી રહે છે.

મા-બાપએ સમસ્ત પરિવારનાં સર્વાંગી પ્રગતિ માટેનું પ્રેરકબળ છે. છોરું-કછોરું થાય પરંતુ માવતર કમાવતર કદિયના થાય તેવું સનાતન સત્ય વિધાન આપણાં પરિવાર સમાજ તથા સામાજીક રીત રસમમાં વણાયેલ અજોડ જીવન સિધ્ધાંત છે. માવતરએ સંતાનનાં જીવનમાં વીટીંમાં જડાયેલ અમૂલ્ય હિરા સમાન છે. જે ચમકે છે અને ચમકાવે છે. પોતાનું જીવન છે. ત્યાંલગી જીવની જેમ જાળવે છે. સંભાળે છે. સાચવે છે. અને ક્યારેક પોતાની કમજોરી હોવા છતાંય સંતાનને માટે જરૂરત પડયે પોતાનું સર્વસ્વ અપર્ણ કરે એ જ માવતર.

આપણી હિંદુસ્તાનની પવિત્ર ભૂમિ પર પ્રભુ રામ, વિઠ્ઠલ, શ્રવણ જેવાં પુણ્યશાળી આત્માઓએ જન્મ ધારણ કરી, માતા-પિતાની સતત સેવા ચાકરી કરી સર્વોત્તમ સમાજનું એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું

છે. આવાં મહાન માતૃ-પિતૃ ભક્તોની પવિત્ર ધરતી પર આપણે જન્મયાં છીએ એ આપણું અહોભાગ્ય છે. એ અહોભાગ્યને જાળવી રાખવા આપણે પણ આપણા માતા-પિતાની સેવા સંપૂર્ણ ભક્તિ ભાવ થી કરીને તેઓનાં અંતરનાં રૂડા આશિર્વાદનાં અધિકારી બનવું જોઈએ.

જેમણે આપણને સતત વેદનાવેઠી જન્મ આપી, જતનથી ઉછેર્યા, આપણે બચપણમાં માંદા પડીએ ત્યારે રાતોનાં ઉજાગરા વેઠી આપણી સારવાર કરી, અનેક મુશ્કેલીઓ વેઠી આપણને ઉચ્ચ સંસ્કાર, જ્ઞાન-શિક્ષણ અપાવી, સારી નોકરી કે ઉચ્ચતમ ધંધા પર ચઢાવ્યાં. જરૂરત પડતાં દેવું કરીનેય પણ હરખભેર પરણાવ્યાં અને ઉચ્ચતમ સ્થિતીએ પહોંચાડયા. આવા મહા પરોપકારી મા-બાપ ઘરડાં થઈ જાય એટલે તેઓનો ત્યાગ કરી એમને દુઃખી કરીએ, એમનું સતત અપમાન, અવજ્ઞા, અવગણના કરીએ, મન દુભાવીએ તેઓની આંતરડી કકળાવીએ એટલુંજ નહિ પરંતુ જે ઘર એમણે વસાવી જાણ્યું હતું એ ઘરમાંથી બહાર હડસેલી દઈ વૃદ્ધાશ્રમમાં ધકેલી દઈએ એ કેટલી બધી ક્રુરતા નીચતા અને નરાધમતા કહેવાય? આવી હાલતમાં એમની કકળતી આંતરડીનાં અભિશાપ આપણું નિકંદન કાઢી ના નાખે?

***- રાજેષ કડકીઆ. યુ.એસ.એ.***

## કહી દે તને પ્રેમ કરૂ છું

ભુલી જવુ છે બધું છતાં
તને ભુલી ન શકુ તો હું શું કરૂ.
ચાહુ છું તને
છતા તું ન ચાહી શકે તો હું શું કરૂ.
મળવું છે તને છતાં
તું એકવાર પલ ન મળી શકે તો હું શું કરૂ.
કાગળો લખી લખી થાકી
એસ.એમ.એસ.(-) ના જમાના આવી ગયા
છતાં તું એક કાગળન લખે એસ.એમ.એસ.
ન મોકલે તો હું શું કરૂ.
હવે નથી જીવવું.
છતાં તું જીવાડે છે તો હું શું કરૂ.
કહે બસ એકવાર
કહી દે તને પ્રેમ કરૂ છુ
છતાં તું ન કહી શકે તો હું શું કરૂ.

***રૂપલ રજનીકાન્ત પરીખ (વડદલાવાળા) કાંદીવલી.***


## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

૧) **પ્રકાશનું સ્થળ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪.
૨) **પ્રકાશનની સામયિકતા** : માસિક
૩) **મુદ્રક અને પ્રકાશકનું નામ**: નિખિલ બાબુલાલ પરીખ
**રાષ્ટ્રીયતા** : ભારતીય
૪) **તંત્રીનું નામ** : નિખિલ બાબુલાલ પરીખ
૬) **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૧૫.૩.૨૦૦૯ (સહી) : નિખિલ બી. પરીખ**
**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તારીખ ૧૪-૩-૦૯ એ બપોરે ૩.૦૦ કલાકે લાડની વાડીમાં અંતાક્ષરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે મહિલા વિભાગને શ્રીમતી અનુપા પરેશ કડકીઆ (બેરા) તરફથી રૂા.વીસ હજાર આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ અનુપાબેન તથા તેમના કુટુંબીજનનો હૃદયપૂર્વક આભાર માને છે.

અંતાક્ષરી રમાડવા માટે આપણા પરીચિત શ્રી કુલરાજ બેદીને બોલાવવામાં આવ્યા હતાં. પાંચ જણના એક એવા ૨૬ ગ્રુપ અંતાક્ષરી રમ્યા હતા. કાર્યક્રમની શરૂઆત બપોરે ૩.૦૦ વાગે કરવામાં આવી હતી. પાંચ ગ્રુપના ચાર રાઉન્ડ તથા છ ગ્રુપનો પાંચમો રાઉન્ડ રમાડવામાં આવ્યો હતો. કુલરાજજીએ ધીરજપુર્વક વિવિધ પ્રકારના રાઉન્ડ દ્વારા બહેનોને અંતાક્ષરી રમાડી હતી. સાથે સાથે તેમની રમૂજી હળવી શૈલી દ્વારા પ્રેક્ષકોને પણ ખુશ કર્યા હતા. દરેક રાઉન્ડમાંથી એક ગ્રુપ વિજેતા બન્યુ હતું. પાંચ વિજેતા ગ્રુપનો ફાઈનલ રાઉન્ડ રમાડી પાંચે ગ્રુપને મંજુબેન, અનુપાબેન તથા પુત્રવધુ અમીશાના હાથે ઈનામો આપવામાં આવ્યા હતા. તથા આ કાર્યક્રમમાં ભાગ લેનાર બાકીની તમામ બહેનોને પ્રોત્સાહન રૂપે ટ્રે આપવામાં આવી હતી.

શ્રી કુલરાજ બેદીએ આપણી બહેનોમાં રહેલી અસાધારણ પ્રતિભાને બિરદાવી હતી. કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ભાગ લઈ પોતાનામાં રહેલી પ્રતિભાને સ્ટેજ ઉપર રજુ કરવા બદલ ખુશી પ્રગટ કરી અભિનંદન આપ્યા હતા.

નાસ્તામાં દાબેલી પનીર ઢોકળા, ખાંડવી તથા કોલ્ડડ્રીંકની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાઉંટરની જવાબદારી વોલીંટીયર્સ બહેનો તેમજ કમીટીની બહેનોએ સુંદર રીતે નિભાવી હતી.

મહિલા વિભાગ અંતાક્ષરીના આયોજનના સાથ અને સહકાર આપનાર સહુનો હૃદયપૂર્વક આભાર માને છે.

અંતાક્ષરીના વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

પહેલું ઈનામ :- અમી ધારીયા, પ્રીતી પરીખ, પુનિતા કડકીઆ, નેહા કડકીઆ, રૂપલ કડકીઆ

બીજુ ઈનામ :- છાયા ધારીયા, પલ્લવી દોશી, શિલ્પા કચેરીયા, સરજીતા પરીખ, રીના પરીખ.

ત્રીજુ ઈનામ :- રીમા પંચમિયા, સોનલ પરીખ, પરિતા પંચમિયા, પ્રાચી કડકીઆ, સોનલ દોશી.

ચોથુ ઈનામ :- રક્ષા મોદી, પ્રેરણા શાહ, સ્મિતા લાકડાવાળા, રુચિ શાહ, શીતલ પરીખ.

પાંચમું ઈનામ :- પ્રેરણા પરીખ, નુતન ધારીયા, બેલા ધારીયા, રીના પરીખ, શલાકા પરીખ.

કાળનું ચક્ર અવિરત ફરતું રહે છે. પરિવર્તન એ કુદરતનો ક્રમ છે અને સતત વિકાસ માટે પરિવર્તન અનિવાર્ય છે. મહિલા વિભાગના સંયોજક તરીકેનો અંતાક્ષરી એ મારો અંતિમ કાર્યક્રમ હતો. ચૌદ વર્ષ કમીટી મેમ્બર તરીકે અને અંતિમ બે વર્ષ સંયોજક

તરીકેની મારી સફર ખૂબ જ યાદગાર રહી મારું નામ મિનોતી 'મ' થી શરૂ થતું હોવાથી 'મ' માટે મને મમત્વ હોય એ સ્વાભાવિક છે. મારી સંયોજક તરીકેની સફરમાં 'Team Work'ના ઉદાહરણ પરથી ત્રણ પરિમાણો સિદ્ધ થયા. Marketing, Management અને Meditation. Marketing અને Management એટલે Event Management આપણી ભીતરમાં શક્તિનો કલાનો અખૂટ ખજાનો છે એ શક્તિને જો આપણે બહાર લાવી શકીએ, એની સાથે 'Team Work' તથા ભાગ લેનાર કલાકારો અને હાજર રહેનાર તમામનું 'Involvement' હોય તો કાર્યક્રમ દીપી ઉઠે છે. ત્રીજુ ખૂબજ અગત્યનું પરિબળ Meditation છે. આ સફર દરમ્યાન એવા અનેક પ્રસંગો આવ્યા જ્યારે કોઈ જ માર્ગ ન દેખાતા બે ઘડી ઠાકોરજીનું ધ્યાન ધર્યુ અને તરત જ માર્ગદર્શન મળ્યુ. આમ ઠાકોરજીની કૃપાથી દાતાઓએ ઉદાર દિલે સ્વેચ્છાએ સહકાર આપ્યો. સમિતિની બહેનો તથા વોલીંટીયર્સની ટીમે સાથ આપ્યો, પરિણામે આપણી જ બહેનો તથા બાળકોના કાર્યક્રમોનું આયોજન શક્ય બન્યું. જેમાં સહુને, બહેનો તથા બાળકોની પ્રતિભાને માણવાનો મોકો મળ્યો. કાર્યક્રમની જાહેરાત થતા જ સહુ સભ્ય બહેનો તરફથી ઉમદા પ્રતિસાદ મળતો. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ જેના નેજા હેઠળ મહિલા વિભાગ કાર્ય કરે છે. તેમનો સાથ અને સહકાર મળ્યો. જેના પરિણામે મારી વિચારધારાને કાર્યક્રમ દ્વારા સહુની સમક્ષ રજૂ કરી શકી. આમ કાર્યક્રમોના આયોજનમાં મને પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર તમામનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. અને આશા રાખુ છું કે ભવિષ્યમાં પણ મહિલા વિભાગને આજ રીતે સાથ અને સહકાર આપતા રહેશો.

***- મિનોતી શાહ - સંયોજક - મહિલા વિભાગ***

# અન્ન એક આરાધ્ય દેવ

આરાધના એટલે આપણું મન એમ જ માને કે પ્રભુજીની આરાધના કરવાની પરંતુ આ શિર્ષકમાં કંઈક અનેરુ સૂચન છે. અન્ન એક આરાધ્ય દેવ આ પહેલા પણ મેં કહયું છે કે અન્ન એજ પરમાત્મા છે. અન્ન અને આપણા ભગવાન ? એ કાંઈ સમજાતું નથી એમ તમે કહેશો પરંતુ જેમ હવા વિના આપણો શ્વાસ નથી  તેવી જ રીતે અન્ન વિના પણ આપણે રહી શકતાં નથી. ઘર હોય કે બહાર સમય થાય એટલે પેટમાં ભૂખ તો લાગે જ લાગે, જે મળે તે ખાઈ લઈએ. એક દિવસ ઉપવાસ કરીએ તો બીજે દિવસે તો ખાઈએ એટલે હાશ થાય. તેમાંય ઉપવાસમાં ફરાળ પણ કરી હોય તો પણ ભૂખ્યા હોઈએ એવો ભાસ થતો હોય અને જ્યારે આપણને એકાદ દિવસ જમવાનું ન મળે ત્યારે અન્નની મહત્તા સમજાય છે.

હવે અન્નને પરમાત્મા કહેલા છે. તો અન્ન જમીનમાંથી ઉગે છે. તેને બીજના રૂપે જમીનમાં ઓરણી થાય હવા ખાતર પાણી માટીમાંથી એ બીજ અંકુરિત થાય, મોટું છોડ યા વૃક્ષ રૂપે અને અન્ન યા ફળ ફૂલ રૂપે આપણને મળે. એટલે બીજ એ મૂલ પરમાત્માનું જ સ્વરૂપ છે. અનાજ વાદળ આપે છે ? વરસાદ આપે છે ? ધરતી આપે છે. કે હવા આપે છે ? આ બધાનો સાથ મળતાં અન્ન પરિમાણ થાય છે. અન્નથી જ આપણું બંધારણ થાય છે. વૃદ્ધિ થાય છે. કાર્યરત રહી શકીએ છીએ. આમ અન્ન એ સ્વીચ બોર્ડમાં ઈલેકટ્રીસીટીનો સપ્લાય એટલેવીજળી હોય એ સમાન છે. કેટલાય થાંભલા નાખો, વાયરો નાખો, ઈલેટ્રીક હાઉસ બનાવો પણ જયાં વિજળીનો કરંટ જ નહોય તો ? આજ રીતે એ અન્ન એ આપણા શરીરનું ઘડતર ચણતર કરનાર પરમાત્મા જ છે.

હવે અન્નની મહત્તાને જાણીએ પછી પરદુઃખ ભંજન એટલે પર પીંડને જાણીએ કે જેવી રીતે મને ભુખ લાગે છે એજ રીતેએ માનવી માત્ર જ નહી પશુ પંખી, જીવ જંતુ અને વૃક્ષ, છોડ, સર્વે જીવંત સૃષ્ટિને ખોરાકની જરુરત પડે છે. અને એથી જ દરેકમાં સંચાર કરતા એજ શ્રી પરમાત્મા એટલે જ અન્ન દેવ પહેલાના આપણાં ગામના લોકો બ્રાહ્મણને સીધું અથવા વાટકી ચોખા, દાળ કે લોટ આપતાં, જે રસોઈ બનાવતાં તેમાંથી ગૌગ્રાસ, કૂતરાને રોટલો, પૂંજાપાનો પડીયો તથા રાવળને પણ રોટલો આપતાં વળી દાણાનું કોરમું આપી સામે પલડે રાયણા, ગોરસ આપમી, યા શાક ભાજી તોલીને લેતાં આમ બધાંને જ અનાજ મળી રહેતુ.  પરંતુ આ તો શહેર ના મળે ગાયો પરંતુ દરેક ઘરમાં ફ્રીઝ હોય અને વધેલું અન્ન ફ્રીઝમાં સ્ટોર થાય અને વધતી લક્ષ્મીજી બેંકમાં જમા થાય. પ્રસંગોપાત જમા બેંક બેલેન્સની છોળો ઉછળે ગરવારે કલબમાંના હોલની નીચેના માળ પરના હેન્ડીકેપ લોકોને એક ટંકનું ભોજન આપે તો ? યા તેમની કોઈ મુસીબતનું નિવારણ કરોતો ? વળી બ્લાઈન્ડ શાળાના બાળકોને પ્રોગ્રામ માટે બોલાવો તો ? તે બાળકોમાં હરખ ન સમાય એટલો થાય કે કોઈએ તેમનું માન કર્યું તેમની કળાને બીરદાવી ? આવા વિચારોની બાદબાકી થઈ જાય છે. એકાદ પ્રોગામ વિકલાંગ બાળકોનો યા સૂરદાસ બાળકોનો રાખો તો તેમને મદદકર્તા તો થવાય ઉપરાંત તેઓને આર્થિક રીતે પણ મદદ કરી શકીએ. પહેલાં બેસાડીને જમાડતા ત્યારે સંજીવની ટ્રસ્ટવાળાઓ આવી કોરઠ ઉઘરાવી લેતાં, ટેબલો ઉપર નાના બોર્ડ મૂકતાં એઠું છોડશો નહી. ન ખાવું હોય તો એઠું કરતા પૂર્વે બહાર મૂકી દેજો. હવે તો બેસીને જમવાનું જ ગયું કે આ લાભ મળે. વાડીની બહાર બાળકો ગરીબના માંગવા આવે તો વોચમેનો ભગાવી મૂકે. તેની સામે અનાથ બાળકો, ગરીબો માટે થોડી ફાળવણી રાખો, ઘણા ઘણા આર્શીવાદ અને દુઆઓ

મળશે એ નફામાં અતિ વૃષ્ટિ, અનાવૃષ્ટિમાં ફંડ ઉઘરાવી યા ભૂકંપ, સુનામી આવે તો મદદકર્તા થવા તૈયારને તત્પર રહો, સાથે તો કંઈ જ નહી આવે, બધું જ અહીંયા રહેશે કરોડોની મિલ્કતને તમે આંખો ફાડી જોતા જ રહેશો. ભુખ આપણી એવી જ બીજાની દાણે દાણે પ્રભુ વસે છે.

અન્ન એજ પરમાત્મા આરાધ્ય દેવ છે. એ જાણી અન્નનું દાન એજ મોટામાં મોટું દાન છે. મિલકત તમારી પૈસા તમારા એ સાચું છે. તમારા પુરુષાર્થ થકી મળી હોય એ સાચું, પરંતુ જેનો તોલ ક્રમાનુસાર પ્રભુજી જ કરતા રહે છે. પરંતુ તમારુ ક્યાં સુધી આંખ મિંચતા દુનિયા ડુબ ગઈ એજ રાહ માનવી માત્રનો છે તો બીજાની વેદના, સંવેદનાને જાણી તેઓ પ્રત્યે મમત્વ દાખવો અમી દ્રષ્ટિ કેળવો. આ જોઈ પ્રભુજી પણ ખુશ થશે જ. પહેલાંના ઋષિઓ, સંતો અને જ્ઞાનીજનો જ્યારે પોતે જમતાં હોય ત્યારે ભાણુ પીરસાય પછી તેમાંથી પાંચ કોળિયા સામે મુકેલા ખાલી પત્તલ પર મૂકી દેતાં અને આ પાંચ કોળિયા કણવાસ યા ગૌવાસ યા ગરીબને યા કુતરાને જાય. 'જીવ સો શિવ' તો છે જ અને અન્ન પરમાત્મા. અત્યારે કદાચિત આ શક્યતા ન હોય તો રૂપિયા પૈસાથી અનાજ તોલાવી દાન કરો એ ઉચિત રહેશે, અને આપણા સમાજના દિલદાર લોકો આ રીતે દેશમાં અનાજની ગુણીઓનું અનાજ ગરીબોને મળે તે માટે રૂપિયા ફાળવીને ત્યાંના કાર્યકર્તાઓને અનાજ ફાળવવાનું કાર્ય સોંપે છે. દિલદાર આપે છે. પરંતુ અપવાદ રૂપ કાર્યકતા પોતાની ફરજ બરોબર બજાવે  છે અને આ ઘણા ગરીબોની ફરીયાદ છે. જેઓ ગરીબ છે એમને આ રીતના કાર્ડ મળેલા હોય છે જે બતાવે તો તેમને અનાજ મળે શેર બશેર. તમે ઘણુ કમાવ છો ? તમારા ઘરમાં બે જણ કમાનારા છે ? પરંતુ એ કમાનારાઓ પણ બે હોય તો બેને ખાવા ધાન તો જોઈએ જ ? કેટલી મહેલાતો તેમની પાસે હોય છે. ? તમે કે હું થોડીને લાઈનમાં મફતનું અનાજ લેવા જવાના છીએ ? ગરીબોનો હાયકારો શાને ? અનાજ ફાળવનાર કોઈ વિરલ અને આપનારાની શીરજોરી શાને ? આપનારા બધા કાર્યકર્તા એવા નથી એ પણ એટલું જ સાચું છે. આ અપવાદને ગરીબો પ્રતિ અન્યાયને દૂર થાય એ બાબત સમાજમાં સોચ વિચારણા થાય એવી અભ્યર્થના આશા રાખું છું. પરમાત્માને રીઝવવા જેવું જ આ પવિત્ર કાર્ય છે. 'દાનના મહિમા ગુણીજન જાણે, જેજણ જાણે કોઈ દાનવીર કર્ણ કહેલાયે.' આરાધન એક જ મન ચિંતવો, પર પીડ જાણો, જાણી પુજો પ્રભુજી, રિઝાવો પરમાત્મા' અન્ન એજ આપણા આરાધ્ય દેવ છે. એ અંતર મનથી જાણજો. જેવું આપણુ શરીરનું ઘડતર થાય છે. જે રીતે આપણે રહેવાનું ઘર બનાવવા માટે ઈંટ, રેતી, ચૂનો, સીમેંટ જોઈએ, એજ રીતે અનાજને ઉગાડવા માટે હવા, પાણી, માટી, ખાતર જોઈએ. આ મળે તો જ અન્ન ઉગે અને અન્નના ઓડકારથી જ આપણા દેહનું ઘડતર થાય છે. એથી તો અન્નને પરમાત્મા કહે છે. પરમાત્માને રિઝાવવાનો સાંચો માર્ગ અન્ન દાન. બે ટંક ખાવાનું જે વ્યક્તિ શાંતિથી જમી શકે એ વ્યક્તિ પૂર્ણ પુણ્યદાયી હશે. જેને ખાવાનું મળે છે એ પણ પૂર્ણ પુણ્યદાયી હશે. જેની પાસે નથી એ તરફ મમત્વ દાખવી અન્નદાન કરશો તો તમે પણ પુણ્યદાયી બનશો. ઘણી બેનોનું કહેવું છે, લોંઠીયા જેવાઓ કામધંધો કરે નહી અને ખાવાનું ખાવા આવી જાય છે. લાઈનમાં પણ તમે હું એ રીતે ખાવાનું લેવા જતા નથી. તમે કે હું તેઓને અજાણ્યાને કામ આપવાના નથી. વળી આપણે ટેકસીઓમાં સામાન લઈ જવામા અને બેસીને જવામાં સમજતા થયા અને પાટીવાળાઓ આજે બેકાર બની ગયા. આમ ગરીબો જ મફતનું અનાજ લેવા યા ખાવાનું લેવાય જાય તો

દોષ માત્ર ગરીબીનોજ માટે અન્ન દાનની મહત્તા સમજો તો શક્ય છે. કે પ્રભુજીની દેણથી આપણને સંતોષજનક જીંદગી મળી રહેશે, અગર આપણા સંચિત કર્મ પૂરાં થાય તો ? હમણાં જ તાજેતરમાં સાંભળ્યું કે પાંચ બાળકો તરતના જન્મેલા ઈનક્યુબેટરમાં સુતેલા શોર્ટ સર્કીટથી આગ લાગતા મૃત્યુ પામ્યા. આ બાળકોએ જન્મ ધરી કોઈ પાપનું આચરણ કર્યુ ન હતુ. છતાં આવું ભયંકર મૃત્યુ તેમના સંચિત કર્માનુસાર પ્રાપ્ત થયું, જુના સંચિત કર્મ ખર્ચાઈ ગયા. હવે કદાચિત તેમના પૂણ્યનોજ ઉદય થશેજ, વળી બારીમાં બેસી કાગડો કાકા કરે. યા બિલાડી મ્યાઉં કરે. પોપટ પાંજરે પૂરાય યા સાપ નોળિયાની ફાઈટીંગ જામે આ બધું સચિત કર્માનુસાર તેમને જીવન પ્રાપ્ત થયું છે. માત્ર એ વિચાર જો માનવીનો અવતાર તમારા કેટલાંય પુણ્યનું પરિણામ છે તો તે અફળ ન જાય પરમાત્માને રીઝવવાનો મળેલો અવસર પરપીડ જાણી ભૂખ્યાંને અન્નદાન કરી જન્મધરી સફળતાના શિખરે પહોંચી 'અન્ન એજ આરાધ્ય દેવ'ને ઓળખોને અન્નજ પરમાત્મા છે એને રિઝાવો-ખાવ, ખવડાવતો ખાતાં રહી શકશો...

- ***ઉષા એસ.ધારીયા***

# શ્રી રામ સ્તવન

રાવણ વધ પછી બ્રહ્માજી ભગવાન શંકર, ઋષિઓ વિગેરેને પૃથક પૃથક શ્રી રામની સ્તુતિ કરી, ત્યાર બાદ યુદ્ધ ભૂમિ ઉપર દેવતાઓની સાથે મહેન્દ્ર ગગનમાં જમીનથી સ્હેજ ઉપર રહી સ્તુતિ કરી તે વખતે શ્રી રામે દેવરાજ ઈન્દ્રને કહયું આપ મારાપર એક અનુગ્રહ કરશો ?'

આપ આદેશ કરો ! ઈન્દ્રે હાથ જોડીને કહયું

મારા માટે જેમણે ઘર દ્વાર, સ્ત્રીપુત્ર બંધુ છોડીને દૂર શત્રુના પ્રદેશમાં આવ્યા તેઓ સંગ્રામભૂમિમાં મરેલા પડેલા છે. શ્રી રામની આંખોભીની થઈ ગઈ. 'રાવણની અંતેષ્ટિ પછી આપ અમૃત વર્ષા કરીને બધા મૃત વાનરોને જીવિત કરો.

બધા વાનર દેવતાઓના અંશો ઉદભવથી થયેલા છે. શીલસિન્ધુ એવા આપનો સ્વભાવ સંકોચી છે. તેથી જીવતા કરવાની પ્રાર્થના કરીને આપ પોતાને ઉપકૃત માનો છો, અન્યથા વાનરોનો એ પોતાનો સ્વાર્થ છે. માટે એમણે બધાને જીવતા કરવા એ મારૂ કર્તવ્ય છે. હું આદેશનું પાલન કરીશ.

શ્રી રામ તમારા પિતાશ્રી મહારાજ દશરથ મારા મિત્ર હતા. ઈન્દ્રે ફરીથી પ્રાર્થના કરતાં કહયું. દેહત્યાગ પછી એમણે અમરાવતીમાં રહેવાનો અનુગ્રહ કર્યો તેઓ આપશ્રીને જોવા ઉત્સુક છે. તેથી મે તેમને અહિ પધારવાની વ્યવસ્થા કરી છે. વિધાન દ્વારા તેઓ અહિં આવી રહ્યા છે.

પ્રાણીના દેહત્યાગ વખતે પૃથ્વીની કોઈ વ્યક્તિ અથવા વસ્તુસાથે તીવ્ર રાગ અથવા દ્વેષ હોયતો, પૃથ્વીની નજીક કર્માનુસાર યોનિમાં જન્મ લે છે. અથવા આતિ વાહિક શરીર તેની આસપાસ પ્રેત અથવા પિતર બનીને ભમ્યા કરે છે. મહારાજ દશરથ અત્યન્ત પુણ્યાત્મા હતા. તેથી તેમને પ્રેત અથવા પિતરનો આતિવાહિક દેહમાં જવાની સંભાવના ન હતો. શ્રી રામનું સ્મરણ કરી દેહત્યાગ કરેલો તેથી ઉચિત એ હતું કે શ્રી રામના સાકેત ધામ જવાનું પણ શ્રી રામ સ્વયમ્ ધરા પર હતા. અને તેમનો રાજ્યાભિષેક નિહાળવાની તીવ્ર લાલસા હતી. તેથી તેમણે સ્વર્ગમાં રહેવાનું સ્વીકાર્યું પણ પુણ્યાત્માને સ્વર્ગ ભોગલોક રૂપે મળે તે ઉચીત ન હતું. તેથી મધ્યમાં સ્વાગત સ્થળ રૂપમાં ઈન્દ્રના શાસિત નહી પણ સન્માન્ય અતિથી તરીકે રહ્યા હતા.

શરીર ત્યાગ વખતે સ્થૂળ શરીરનો જેવો આકાર હોય છે તેવો આકાર મળેલા આતિવાહિક દેહ(પ્રેત યા પિતર શરીર)નો, ભોગ-દેહ (સ્વર્ગના શરીર)નો અને યાતના-દેહ (નરકના શરીર)નો આકાર હોય છે. આવું મળેલું શરીર પાંચ ભૌતિક તો હોય છે. પણ પૃથ્વીના સ્થૂળ શરીરની જેમ પાર્થિવ (પૃથ્વીતત્વ પ્રધાન) નથી હોતું. જો આતિવાહિક દેહ(પ્રેત યા પિતરનું) અથવા યાતના દેહ (નરકનું) મુખ તો વાયુતત્વ પ્રધાન હોય છે. જો ભોગ દેહ (દેવ દેહ)નું મળ્યું તો તેજસ (અગ્નિ) તત્વ પ્રધાન હોય છે.

આ બધા મળેલા શરીરને પૃથ્વીના પ્રાણી જોઈ નથી શકતા કેમકે મળેલા શરીર સુક્ષ્મ તત્વોથી બનેલા હોય છે. તેથી પાર્થિવ પદાર્થે વૃક્ષ, પર્વત, દિવાલ, પત્થર યા પાણી એમની ગતિમાં બાધકરૂપ નથી બનતા. આપણને જેમ આકાશ બાધક નથી બનતો અને એમાંથી આપણે જઈ આવી શકીએ છીએ, તેમ આ મળેલું શરીર પણ વૃક્ષ, પર્વત, દિવાલ, પાણી વિ.માં જઈ આવી શકે છે. મળેલા શરીરને થોડા વખત માટે સઘન કરી શકે છે. કે જેથી પૃથ્વીનો માણસ તેને જોઈ શકે, વ્યવહાર કરી શકે. શરીરને સંઘનતા બનાવવાની શક્તિનો સમય દરેકનો જુદો જુદો હોય છે. પ્રેત પ્રાયઃ રાત્રિમાં સઘન કરી શકે

છે. પિતર દેવતા દિવસમાં પણ કરી શકે છે. અને ઘણીવાર સુધી સઘન રહી શકે છે.

દેવતાઓએ આ મુજબ શરીર સઘન કરીને શ્રીરામનું સ્તવન કર્યું. મહારાજ દશરથ સઘન શરીર બનાવી પ્રિય પુત્રની સમીપ પધારે છે. પિતાને જોઈને શ્રી રામ સાનુજ ઉભા થઈ પિતાને પ્રણામ કર્યા.

વત્સ રામ ભદ્ર! તમારૂ કલ્યાણ થાઓ મહારાજ દશરથ ગદ્‌ગદ્ વાણીથી બોલ્યા ' રાવણને મારીને ઈશ્વાકુવંશને ઉજ્જવળ બનાવ્યું મે અને મારા પૂર્વજોએ સુર-સાધુ સંતાપ દાયીની ઉપેક્ષા કરીને જે અપરાધ કર્યો હતો. તે તમે બેઉ ભાઈઓએ મીટાવી દીધો છે. અમારા પર જે કલંક હતો તે તમે ધોઈ નાંખ્યો છે.

શ્રી રામે અંજલી બાંધી કહયું કે મારા પર પ્રસન્ન હો તો તમારી પાસેથી એક વરદાન માંગુ છું.

'વત્સ! તું સર્વ લોકેશ્વર છું. દશરથ પૃથ્વી પર હતો ત્યારે અને હાલ સ્વર્ગમાં છે ત્યારે પણ એનું જે કંઈપણ છે. તેની શક્તિમાં છે. તે બધુ તારૂ સ્વત્વ છે. તું માંગીને મને સુખી કરવા માંગે છે અને તને કઈક આપીને મને અસીમ આનંદ થશે.'

'આજે રામને જે યશ ઉત્કર્ષ મળ્યો છે. તે માતા કૈકેયીના વરદાનનો પ્રસાદ છે.' શ્રી રામે પ્રાર્થના કરી' મારા સ્નેહવશ એ પરમ સતિ ને પરિત્યકતા ઘોષિત કરી હતી, તેનો ફરીથી મારી માતાનો તમે પત્નિ રૂપે સ્વીકાર કરો. એ પતિલોક પ્રાપ્ત કરે, જ્યાં આપની પ્રિયા બની રહે.'

'રામ! આવી પ્રાર્થના તુજ કરી શકે છે.' મહારાજ દશરથનો સ્વર ગદ્‌ગદ્ થઈ ગયો. તારો આદેશ-અનુરોધ અસ્વીકાર કરવાની શક્તિ ત્રિભુવનમાં કોઈની નથી. તું ચાહે છે માટે હું કૈકેયીનો સ્વીકાર કરૂ છું.

દશગ્રીવ-હનનો સર્વ શ્રેષ્ઠ પુરસ્કાર મળ્યો અને હૃદયનો ભારીભાર મટી ગયો એમ શ્રી રામે સાનુજ સાથે પ્રણામ કરી અયોધ્યા જવાની તૈયારી કરી.

***સાવિત્રીબેન ચંરકલાલ દેસાઈ***

## બાલાસિનોર, વિરપુર, ઠાસરામાં રક્ત દાન કેમ્પ યોજાયો

બાલાસિનોર : બાલાસિનોર, વિરપુર, ઠાસરા તાલુકામાં યોજાયેલ બ્લડ કેમ્પને ધારી સફળતા મળી હતી. જેમાં ૫૦૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ઈન્ડીયનરેડક્રોસ સોસાયટી બાલાસિનોર, સીનીયર સીટીઝન ગ્રુપ ધોબી તલાવ મુંબઈ, આર્યુવેદીક અને હોમીયોપેથીક એસોસીએશન, જેસીસ કલબ, લાયન્સ કલબ, કે.એમ.જી.હોસ્પીટલ બાલાસિનોર, થર્મલ પાવર સ્ટેશન, તેમજ વિવિધ સંસ્થાઓના સહયોગથી યોજાયેલ બ્લડ કેમ્પમાં બાલાસિનોરમાં પ્રથમ રાઉન્ડમાં ૨૧૧, મગનપુરામાં વીર ધરમાંથી ૪૦ યુનીટ. સેવાલીયા, થર્મલ પાવર સ્ટેશન જેઠાલીમાં કુલ ૧૦૦ યુનિટ રક્ત ગોધરા બ્રાન્ચ રેડક્રોસના સહયોગથી, વિરપુર ખાતે ૫૦ યુનિટ આણંદ રેડક્રોસના સહયોગથી, તેમજ બાલાસિનોરમાં બીજા રાઉન્ડમાં નડીયાદ રેડક્રોસના સહયોગથી, તેમજ બાલાસિનોરમાં બીજા રાઉન્ડમાં નડીયાદ રેડક્રોસના સહયોગથીઆર્ટસ-કોમર્સ કોલેજ, અને મુસ્લીમભાઈઓના અંજુમન ચોક મળી કુલ ૧૦૦ યુનિટ મળી ૫૦૧ યુનિટ એકત્ર કરાયું હતું. - ***'સંદેશ'***

### શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

સ્વ. નવનીતલાલ સાકરલાલ ધારીઆ (માટલી)ના સ્મરણાર્થે એક વર્ગનાં પૂરા રૂા.૫૦,૦૦૦૦/-રૂા, પાંચ લાખ પુરા માટેનું દાન માટેનું વચન પ્રાપ્ત થયેલ છે. જે પેકી મંડળને રૂા. ૨૫,૦૦૦૦, બે લાખ પચાસ હજાર પ્રાપ્ત થઈ ચુક્યા છે.

મંડળની દાતાનાં કુટુંબીજનોને આભાર

- ***મંત્રી જતીન દેસાઈ, ચંદ્રકાંન્ત દેસાઈ***

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરુસ્કૃત**

# વસ્તી પત્રક ૧૦ મી આવૃત્તિ

અમો આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ . તમારા સાથ અને સહકારથી અમો સમયસર ફોર્મ મેળવી શક્યા છે.

વસ્તીપત્રકની ૧લી ડમી બુક તા. ૧૦-૫-૦૯થી ૩૦-૫-૦૯ સુધી નીચે જણાવેલ સ્થળો પર મુકવામાં આવશે. તો દરેક જણને વિનંતી કે પોતાની વિગતો વ્યવસ્થિત તપાસી લે અને જો કોઈ ભૂલચૂક હોય તો તે ડમી બુકમાં સુધારા કરી લે. જે કોઈ કુટુંબની વિગતો ન છપાઈ હોય તેઓ ખાતરી કરી લે કે ફોર્મ અપાયુ છે કે નહિ. જો કોઈ કારણસર ફોર્મ ભરીને આપવાનું રહી ગયુ હોય તો હજી પણ સમયસર નીચે જણાવેલ સ્થળોએ સંપુર્ણ વિગતો ભરીને જમા કરાવી દે. તે પછી આવેલ ફોર્મ માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. એ વાતની ખાસ નોંધ લેવી.

**સ્થળો :**

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ००४**

**૨) ચંદ્રેશ એન્ટરપ્રાઈઝ કોરપોરેશન : ૧૩, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨**

**૩) શાહ એન્જીનીર્યસ એન્ડ ઈક્વીમેન્ટ કોર્પોરેશન : ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ભોંયતળીયે, મુંબઈ - ૪૦૦ ૦૦૩.**

**૪) અજય પ્રવિણચંદ્ર દોશી : બી-૨, નરશીલ્વવાની, લલ્લુભાઈ પાર્ક રોડ એકટેન્શન ૧, ઈર્લા, (વિલેપાર્લા), અંધેરી (વેસ્ટ).**

**૫) ગોપાલ રમણલાલ કડકીઆ : ૫૦૧, ગ્યાન દર્શન, એસ.વી.પી.રોડ, મ્યુનીસીપલ ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭.**

**૬) હેમેન્દ્ર રમણલાલ શાહ : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ).**

**૭) શ્રી બાલાસિનોરની વેબસાઈટ** http:\\balasinor.org **હોમ પેજ પર** online **સુધારા વધારા કરવા માટે** website **પર આવેલ ફોર્મ ભરવુ જરૂરી છે. અથવા જ્યા સુધી લેખીતમાં નહી આવે ત્યાં સુધી સુધારા કરવામાં આવશે નહીં.**

***સંયોજક : જાસ્મીન શેઠ - મંત્રી : મંજુલ ધારીયા***

# નીચે આપેલા કુટુંબ ક્રમાંક નંબરો ના ફોર્મ બાકી છે

## મુંબઇ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૧૦ | ૧૮ | ૨૬ | ૨૮ | ૩૦ | ૩૬ | ૪૦ |
| ૪૭ | ૭૮ | ૭૯ | ૮૫ | ૯૯ | ૧૨૧ | ૧૩૨ | ૧૪૧ | ૧૮૨ |
| ૨૦૪ | ૨૦૯ | ૨૧૦ | ૨૧૧ | ૨૪૬ | ૨૪૮ | ૨૫૪ | ૨૫૭ | ૨૫૮ |
| ૨૬૦ | ૨૬૨ | ૨૬૩ | ૨૬૭ | ૨૬૮ | ૨૬૯ | ૨૭૩ | ૨૭૬ | ૨૭૭ |
| ૨૭૯ | ૨૮૨ | ૨૮૩ | ૨૮૪ | ૨૯૦ | ૩૦૬ | ૩૧૨ | ૩૧૮ | ૩૧૯ |
| ૩૨૧ | ૩૨૬ | ૩૨૮ | ૩૩૩ | ૩૪૦ | ૩૪૧ | ૩૪૨ | ૩૪૫ | ૩૪૯ |
| ૩૫૫ | ૩૫૯ | ૩૬૦ | ૩૬૫ | ૩૬૮ | ૩૭૫ | ૩૭૮ | ૩૭૯ | ૩૮૦ |
| ૩૮૨ | ૩૮૩ | ૩૮૪ | ૩૮૫ | ૩૮૮ | ૩૮૯ | ૩૯૧ | ૩૯૩ | ૩૯૪ |
| ૩૯૮ | ૩૯૯ | ૪૦૦ | ૪૦૨ | ૪૦૩ | ૪૦૪ | ૪૦૫ | ૪૦૬ | ૪૦૮ |
| ૪૦૯ | ૪૧૦ | ૪૧૧ | ૪૧૩ | ૪૧૫ | ૪૧૬ | ૪૧૭ | ૪૪૨ | ૪૫૦ |
| ૪૫૬ | ૪૬૩ | ૪૮૯ | ૪૯૦ | ૫૪૫ | ૫૫૦ | ૫૬૦ | ૫૮૦ | ૫૮૮ |
| ૫૯૪ | ૬૦૦ | ૬૧૧ | ૬૧૪ | ૬૧૬ | ૬૨૩ | ૬૪૦ | ૬૪૧ | ૬૬૯ |
| ૬૮૩ | ૭૦૧ | ૭૪૫ | ૭૫૨ | ૭૫૩ | ૭૫૬ | ૭૬૧ | ૭૭૫ | ૭૮૦ |
| ૭૮૮ | ૭૯૭ | ૮૦૩ | ૮૭૫ | ૮૮૯ | ૮૯૧ | ૯૩૩ | ૯૪૨ | ૯૫૭ |
| ૯૫૯ | ૯૬૬ | ૯૭૩ | ૯૭૭ | ૯૭૯ | ૯૮૦ | ૯૮૧ | ૯૯૬ | ૧૦૧૬ |
| ૧૦૨૧ | ૧૦૨૮ | ૧૦૨૯ | ૧૦૪૧ | ૧૦૪૩ | ૧૦૪૫ | ૧૦૪૮ | ૧૦૫૮ | ૧૦૬૨ |
| ૧૦૬૪ | ૧૦૬૫ | ૧૦૬૭ | ૧૦૬૮ | ૧૦૭૧ | ૧૦૭૪ | ૧૦૭૫ | ૧૦૮૫ | ૧૦૯૪ |
| ૧૦૯૭ | ૧૦૯૯ | ૧૧૨૨ | ૧૧૨૫ | ૧૧૨૬ | ૧૧૨૭ | ૧૧૩૬ | ૧૧૩૯ | ૧૧૪૧ |
| ૧૧૬૦ | ૧૧૬૨ | ૧૧૭૫ | ૧૧૭૮ | ૧૧૮૬ | ૧૧૮૯ | ૧૧૯૪ | ૧૧૯૮ | ૧૨૧૩ |
| ૧૨૨૩ | ૧૨૨૪ | ૧૨૨૬ | ૧૨૪૫ | ૧૨૪૮ | ૧૨૬૧ | ૧૨૬૨ | ૧૨૮૦ | ૧૩૦૭ |
| ૧૩૧૧ | ૧૩૧૨ | ૧૩૧૯ | ૧૩૨૩ | ૧૩૨૪ | ૧૩૨૫ | ૧૩૨૬ | ૧૩૩૫ | ૧૩૪૬ |
| ૧૩૫૨ | ૧૩૫૪ | ૧૩૬૩ | ૧૩૬૯ | ૧૩૭૦ | ૧૩૭૪ | ૧૩૮૮ | ૧૩૯૫ | ૧૩૯૯ |
| ૧૪૦૫ | ૧૪૧૩ | ૧૪૨૦ | ૧૪૨૭ | ૧૪૨૮ | ૧૪૩૦ | ૧૪૩૩ | ૧૪૩૫ | ૧૪૫૪ |
| ૧૪૫૮ | ૧૪૬૪ | ૧૪૬૫ | ૧૪૭૧ | ૧૪૭૯ | ૧૪૮૧ | ૧૪૮૬ | ૧૪૮૭ | ૧૪૯૯ |
| ૧૫૨૫ | ૧૫૨૬ | ૧૫૩૮ | ૧૫૪૧ | ૧૫૪૨ | ૧૫૪૬ | ૧૫૬૯ | ૧૫૭૬ | ૧૫૮૧ |
| ૧૫૮૮ | ૧૫૯૩ | ૧૫૯૪ | ૧૫૯૫ | ૧૫૯૭ | ૧૫૯૮ | ૧૫૯૯ | ૧૬૦૦ | |

## પરન્યાત

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૧ | ૨૦૧૪ | ૨૦૧૭ | ૨૦૧૯ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૪ | ૨૦૨૫ | ૨૦૨૯ |
| ૨૦૩૩ | ૨૦૩૪ | ૨૦૩૫ | ૨૦૪૮ | ૨૦૬૩ | ૨૦૬૬ | ૨૦૬૭ | ૨૦૬૯ | ૨૦૭૧ |
| ૨૦૭૫ | ૨૦૭૭ | ૨૦૭૯ | ૨૦૮૦ | ૨૦૮૮ | ૨૦૯૦ | ૨૦૯૫ | ૨૦૯૮ | ૨૦૯૯ |
| ૨૧૦૦ | ૨૧૦૧ | ૨૧૦૩ | ૨૧૦૪ | ૨૧૦૫ | ૨૧૦૬ | ૨૧૧૧ | ૨૧૧૩ | ૨૧૧૭ |
| ૨૧૧૯ | ૨૧૨૦ | ૨૧૨૧ | ૨૧૨૪ | ૨૧૨૫ | ૨૧૨૬ | ૨૧૨૭ | ૨૧૩૧ | ૨૧૩૨ |
| ૨૧૩૩ | ૨૧૩૫ | ૨૧૩૭ | ૨૧૩૮ | | | | | |

## બહારગામ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૨૪ | ૨૫ | ૨૭ | ૨૮ | ૩૨ | ૩૩ | ૩૫ |
| ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૬ | ૪૭ | ૫૧ | ૫૪ |
| ૬૧ | ૬૨ | ૬૩ | ૬૮ | ૭૬ | ૭૮ | | ૭૯ | ૮૧ |
| ૮૩ | ૮૭ | ૯૩ | ૯૫ | ૯૮ | ૧૦૦ | ૧૦૧ | ૧૦૨ | ૧૦૩ |
| ૧૦૪ | ૧૦૫ | ૧૦૬ | ૧૦૭ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૦ | ૧૧૧ | ૧૧૨ |
| ૧૧૩ | ૧૧૪ | ૧૧૫ | ૧૧૬ | ૧૧૭ | ૧૧૮ | ૧૧૯ | ૧૨૩ | ૧૨૮ |
| ૧૨૯ | ૧૩૦ | ૧૩૨ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૯ | ૧૫૨ | ૧૭૦ | ૧૭૧ |
| ૧૭૪ | ૧૭૬ | | | | | | | |

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમાં સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી. ***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

# વ્યસનનો નશો ક્યારેક જીવન છિનવી લે, પણ કર્તવ્યનો નશો તો જીવન તારી દે...

ચિત્રોડ ગામના કૂવામાં નવ વર્ષનો બાળક રમતા-રમતા પડી ગયો. ત્રણ રાત અને ચાર દિવસની ભારે જહેમત બાદ પચાસ ફૂટ ઉંડા કૂવામાંથી બાળકને જીવતો બાહર કાઢવામાં આવ્યો. સાથે કૂવામાંથી બે જીવતા સાપ પણ બાહર આવ્યા. બધા બોલી ઉઠયા ''જાકો રાખે સાંઈયા માર શકે ન કોઈ' યસ. એ હકીકત છે કે જેનો રખેવાળ ખુદ ભગવાન બની જાય તેનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે. અલગ રીતે વિચારીએ તો ડંખ મારવો એ સાપનો પોતાનો નશો છે. પણ અહીં બાળક પોતાની નજર સામે હોવા છતાં સાપે પોતાના કર્તવ્યના નશાથી માસુમ બાળકને જીવનદાન આપ્યું છે.

થોડા દિવસ પહેલા એનીમલ હેલ્પ લાઈનના તબીબોએ એક ગાયના પેટનું ઓપરેશન કરી તેમાંથી ૮૨ કિલો પ્લાસ્ટીક સેફટીપીન, ખીલીઓ તથા લોખંડના ટૂકડા બધુ કાઢી ગાયમાતાનો જીવ બચાવ્યો.

હમણાં જ એક ચોંકાવનારો બનાવ વાંચવામાં આવ્યો. જેટ એરવેઝમાં નોકરી કરતી અનુપમા આચાર્યે સિગારેટ પીવા ન મળી એટલે આવેશમાં આવીને આપઘાત કર્યો. આપઘાત કર્યો તે રાત્રે પોતાના પ્રેમીના ફલેટમાં મોડી રાત સુધી શરાબ પીધો અને નશાની હાલતમાં સિગારેટ પીવાની તલપ લાગી. મિત્રે સલાહ આપી કે દારૂના નશામાં આઉટ હોવાથી સિગારેટ ન પીવી. મોબાઈલ પરથી તેના પિતાએ પણ સમજાવવા કોશિશ કરી. પણ નશાનો આવેગ એટલો પ્રબળ હતો કે તે ભાન ભૂલી અને મકાનના પાંચમા માળેથી ભૂસકો મારી પોતાની કિંમતી જિંદગીને વેડફી નાખી.

જો કોઈ માનવીને વ્યવસનની લત લાગી જાય તો એનો નશો ક્ષણિક આનંદ જરૂર આપે. થોડીક ક્ષણો માટે માનસિક તણાવ પણ દૂર કરી નાખે. પણ જો એ નશાની તીવ્રતા વધી જાય તો જીવન છિન્નભિન્ન થઈ જાય અને કયારેક જીવલેણ પણ નીવડે.

જીવનમાં આવતા વિવિધ પડકાર, મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ સામેની લડતમાં જે માનવી વ્યવસનનો સહારો લે છે, તેની વિટંબણાઓ ઘટવાને બદલે વધે છે. કુદરતે દરેક વ્યક્તિને મજબુત મનોબળનો સહારો આપ્યો છે. મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે માનવીને લોખંડી મનોબળનો નશો ચઢી જાય તો જીવનમાં આવતી દર્દભરી ક્ષણોને માનવી સહજ રીતે ઝીલી, પોતાનો માર્ગ શોધી કાઢે છે.

આવો જ એક કિસ્સો તાજેતરમાં વલભીપુર ગામમાં બન્યો. હાર્દિક નામના બાળકની દસમા ધોરણની પરીક્ષાઓ ચાલી રહી હતી. જે દિવસે ગુજરાતીનું પેપર હતું. એજ દિને તેના ૪૫ વર્ષના પિતાનું સ્કુટર અકસ્માતમાં મૃત્યુ થયું. પિતાની અર્થીને કાંધ આપી અગ્નિસંસ્કાર દઈ એ બાળક સીધો પરીક્ષા આપવા ગયો. એક તરફ પોતાના પિતાની ચિતા જલી રહી હતી તેનું પારાવાર દુઃખ તો બીજી તરફ મજબુત મનોબળ થકી કર્તવ્યપાલનનો નશો જીવનનો તારણહાર બને છે.

માનવજીવન જાણે-અજાણે વિવિધ જાતના નશાના ચક્રવ્યુહમાં હંમેશ અટવાયેલુ રહે છે. કોઈકને સંપત્તિનો કેફ હોય છે તો કોઈકને સત્તાનો મદ હોય છે. ક્યાંક રૂપનું ગુમાન તો ક્યાંક દોલતનું અભિમાન. કોઈકના મગજમાં ખુરશીનો પારો તો કોઈકને સમાજમાં મોટા નામનો નશો.

માનવીના સઘળા પાસા જ્યાં સુધી સરખા પડતા હોય, જીવનમાં ભરતીના દિવસો હોય ત્યારે આ જુદા-જુદા નશાની તીવ્રતા માનવીને સાતમા આસમાને પહોંચાડી દે છે. પણ જ્યારે જીવન સફરમાં ઓટ વર્તાય,

અચાનક પડતીના દિવસો આવી જાય, ગણતરીઓ ઉંધી પડવા માંડે ત્યારે આંખના પલકારામાં માનવીનો નશો ઉતરી જાય છે અને રાતો-રાત માનવી સાતમા આસમાનેથી જમીન ભેગો થઈ જાય છે.

નશાના પ્રકારો અનેક છે અને વિવિધ નશાઓની તીવ્રતા પણ વિવિધ હોય છે. એક તરફ રાજા-મહારાજાઓ જેવુ જીવન જીવતા લોકોને પોતાની શ્રીમંતાઈનો નશો હોય છે તો બીજી તરફ ફકીરની માફક જીવન જીવતા લોકોને પોતાનો અલગ નશો હોય છે.

સારંગપીપળી ગામમાં વસતા મુંજાવર નામના એક ફકીર કર્તવ્યની વાત તાજેતરમાં વાંચવા મળી. ફકીર પાસે રહેવા માટે જમીનનો ટુકડો અને ઓઢવા માટે ખુલ્લુ આકાશ. દિવસમાં પોતે પાંચ વાર નમાજ પઢે. ગામમાં આવેલી મોટાપીરની દરગાહ પ્રત્યે ફકીરને અનહદ લગાવ. આ દરગાહનું નવનિર્માણ કરવાની ફકીરને ઈચ્છા થઈ. ગામમાંથી ફંડફાળો એકઠો થયો. હિન્દુભાઈઓએ વિશેષ ફાળો આપ્યો. દરગાહનું રંગરોગાન થયું. રહીમરૂપી ફકીરના હૃદયમાં રામ વસ્યા. દરગાહમાં રામકથા બેસાડવાની ઈચ્છા જાગી. કેવો અજબનો નશો! ગામજનોના સહકારથી ૧૯મી માર્ચથી દરગાહની અંદર રામકથાનું આયોજન થયું. મોટી સંખ્યામાં હિંદુ તથા મુસ્લિમોએ ભેગા રામકથાની અમૃતવાણીનું સેવન કર્યું. એક ફકીરના હૃદયમાં કંઈક અલગ કરવાની પોતાની અડગ માન્યતાનો અજબનો નશો કહી શકાય.

એક તરફ ધર્મ ઝનુનનો પાશવી નશો નિર્દોષ માનવીઓના જીવન હણી નાખે છે તો બીજી તરફ સાચા ધર્મ પ્રત્યેનો નશો જીવનને નવી દિશા અર્પે છે. કોઈ વ્યસનના સહારે જાતને હોમી દેતો નશો કરવો કે પછી મજબુત મનોબળ કેળવી જરા હટકે કંઈક નોખુ કરવાનો નશો કરવો એ પ્રત્યેક માનવીએ જાતેજ નક્કી કરવાનું હોય છે.

*- પંકજ.કે.શાહ*

## બાલાસિનોરમાં રક્તદાન કેમ્પ

બાલાસિનોર : બાલાસિનોર અને આસપાસના વિસ્તારના પ્રજાજનોના સહકારથી યોજાયેલ રક્તદાન મહાયજ્ઞમાં ૪૦૧ યુનિટનું રક્ત એકત્રિત કરાયું હતું. રેડક્રોસ સોસાયટી, જેસીસઆઈ, બાલાસિનોર, કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, સિનિયર સિટીઝન ગ્રુપ, ધોબી તળાવ તમજ મેડીકલ એસોશીએશન, બાલાસિનોર, સેવાલિયા, વીરપુર અને થર્મલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ મેઘા બ્લડ કેમ્પમાં લોહી આપવા માટે કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં લાઈનો લાગી હતી. રેડક્રોસ સોસાયટીના ડો. નગીનદાસ શાહના જણાવ્યા મુંજબ બાલાસિનોર કે.એમ.જી. હોસ્પિટલ ૨૫૧ બોટલ, સેવાલિયા થર્મલ પાવર સ્ટેશન ૧૦૦ બોટલ અને વીરપુરથી ૫૦ બોટલ રક્ત મળ્યું હતું.

*- દિવ્ય ભાસ્કર*

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

**C/o. સુજાતી ઈલેક્ટ્રીકલ એન્ટરપ્રાઈઝ, ૪૨, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨**
**ફોન. ૨૨૦૬૦૦૯૦ / ૨૨૦૦૧૬૫૯ ફેક્સ : ૨૨૦૬ ૧૫૮૨**

## ભંડોળ માટે જાહેર અપીલ

આપણું કેળવણી મંડળ વતન બાલાસિનોરમાં ચાર શાળાઓમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યું છે.

૧૯૫૦માં સ્થપાયેલ મંડળની શાળાઓનાં મકાનોના નિભાવ માટે તથા રોજબરોજ વધતી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની સંખ્યાનો સમાવેશ માટે પી.વી. વિદ્યાલયમાં બે વર્ગખંડો બાંધવા અને પ્રાર્થના હૉલની જરૂરિયાત માટે નીચે મુજબ ફંડની આવશ્યકતા છે.

**૧) પ્રાર્થના ખંડ માટે રૂા. ૨૫ - લાખ**
**૨) એક વર્ગ ખંડ માટે રૂા. ૧૦ - લાખ**

**અને અગાઉ અપીલના પ્રતિસાદમાં મંડળના માજી પ્રમુખ સ્વ. નવનીતલાલ ધારીઆના સ્મરણાર્થે રૂપિયા પાંચ લાખની રકમ પ્રાપ્ત થશે. બાકી રૂપીયા પાંચ લાખ માટે આપ સૌ દાતાઓને અમારી નમ્ર અપીલ છે.**

પ્રાર્થના ખંડ માટે રૂપિયા પચીસ લાખની આવશ્યકતા છે. આ અંગે નામાભિધાન માટેની અમારી ટહેલ અપીલ રૂપિયા પંદર લાખની છે. જે કોઈ દાનવીર અમારી માંગ પૂરી કરી આપશે તઓની ઈચ્છા મુજબ પ્રાર્થના ખંડનું નામકરણ કરવામાં આવશે.

બાલાસિનોરના સ્થાનિક વતનીઓને તેમજ મુંબઈવાસી સૌ દાતાઓ, વિદ્યાર્થીઓના વાલીઓ વગેરેને અમે હાર્દિક અપીલ કરીએ છે. કે શિક્ષણના આ યજ્ઞમાં પોતાના ફાળો જરૂર નોંધાવો.

**લિ.**

**પ્રવીણ દેસાઈ - પ્રમુખ, રસિકલાલ લાકડાવાળા - ઉપપ્રમુખ**
**જતીન દેસાઈ - ચંદ્રકાન્ત દેસાઈ - મંત્રીઓ**
**મણીકાન્ત કડકીઆ - ચેરમેન શાળા સમિતિ અને**
**કારોબારી સમિતિના ટ્રસ્ટીઓ - સભ્યો**

# ૮૫ વર્ષથી ઉપરના સૌ વયસ્ક વડીલોનું જાહેર સન્માન

સોમવાર તા. ૯-૩-૨૦૦૯ના દિને વણિક જ્ઞાતિની વાડી બાલાસિનોરમાં સિનિયર ફ્રેન્ડઝ ગ્રુપ-મુંબઈ દ્વારા આયોજિત ૮૫ વર્ષથી ઉપરના વડીલોનું જાહેર સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું પ્રમુખપદ બુઝર્ગ વડીલ-૯૭ વર્ષ-મુલજીભાઈ લાલખાંએ સંભાળ્યું. ગામની લગભગ મોટા ભાગની સામાજિક સેવા સંસ્થાઓના પાયાના પથ્થર સમા શ્રી રમણીકભાઈ ધારીયા ૯૨ વર્ષ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમના સૂત્રધાર શ્રી દીનેશભાઈ પરીખ રોકડીઆ હતા.

સાંજે ૪.૩૦ થી ૫-૩૦ ગામની બહેનોએ રસિયાનો કાર્યક્રમ આપ્યો. જેમા હાજર સૌ નાગરિકોએ ભક્તિરસનો આનંદ માણ્યો. આશરે ૩૦૦ જેટલા વયસ્ક વડીલો અને અન્ય પ્રજાજનો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમના સંચાલનનો પ્રારંભ કરતાં શ્રી પ્રવીણ દેસાઈએ પ્રસંગની ભૂમિકા બાંધી આપી અને આવો કાર્યક્રમ યોજાયો તે અંગે પ્રસન્નતા વ્યક્ત કરી.

આવકાર પ્રવચન કરતાં શ્રી નટુભાઈ કડકિઆ-લટકારીએ બે વર્ષથી યોજવામાં આવતા આવા સ્નેહમિલનને પ્રતિવર્ષ ઉજવવા અંગે આશા વ્યક્ત કરી હતી. ઉપસ્થિત સૌ જનોનું ગુલાબના પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. કુલ ૧૧ પુરુષો અને ૯ મહિલાઓનું શાલ ઓઢાડી તેમની તંદુરસ્તી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. પ્રમુખસ્થાનેથી મુળજીભાઈએ જણાવ્યું હતું કે, આપણાં વડીલોએ દુઃખ વેઠીને સમાજને જે આપ્યું છે તે ભૂલવું જોઈએ નહિ. રસિકભાઈ દેવે જણાવ્યું કે, નટવરભાઈ લટકારી અને તેમના સાથીદારોએ આ ઉમદા કાર્યદ્વારા વડીલોનો ઉત્સાહ અને આનંદ વધાર્યો છે. કાર્યક્રમમાં દીનેશભાઈ ચીમનલાલ પરીખ-રાઠોડિયા પરિવાર તરફથી નીચે મુજબ દાનની જાહેરાત કરવામાં આવી હતી.

**૧) શ્રી બાલાસિનોર કેળવણી મંડળ રૂા. ૧,૦૦,૦૦૦/-**
**૨) કે.એમ.જી. જનરલ હોસ્પિટલ રૂા. ૧,૦૦,૦૦૦/-**
**૩) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ રૂા. ૧,૦૦,૦૦૦/-**

આ ઉપરાંત તરુબેન પ્રફુલ્લભાઈ શેઠ તરફથી રૂપિયા એક લાખના દાનની કે.એમ.જી જનરલ હોસ્પિટલ માટે જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ખાસ નિમંત્રણથી પાલિકાના ચીફ ઓફિસર શ્રી હૂણ અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. તેમણે સંબોધન કરતાં જણાવ્યું કે, નાગરિકોને પડતી અગવડો અંગે સવિશેષ ધ્યાન આપવામાં આવશે. સાથે જ બાકી વેરાની ભરપાઈ અંગે સૌને અપીલ કરી હતી. રસ્તાઓનું કામ અગ્રક્રમે હાથ ધરવાની તેમણે હૈયાધારણ આપી હતી.

શ્રી મણીકાન્ત કડકીઆ, શ્રી રણણિકભાઈ ધારીયા, શ્રી દીનેશભાઈ પરીખ વગેરેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

શ્રી કચરાલાલ ડોશીએ આભાર દર્શન કર્યા બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો. ત્યારબાદ ભોજનને ન્યાય આપી સૌ વિખરાયા હતા.

***- અહેવાલ - પ્રવીણ દેસાઈ***

**નોંધ :-** આ કાર્યક્રમના ખર્ચ પેટે રૂા. ૧૧,૦૦૦ના દાનની જાહેરાત યજમાન શ્રી દીનેશભાઈ પરીખ (રોકડીઆ) એ કરી હતી.

# ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બાલાસિનોર

## રક્તદાન જીવનદાન

સમયનો છે એક પોકાર, રક્ત આપો વારંવાર

રક્તદાન એ મહાદાન એ સૂત્રને સાકાર કરવાનો સમય હવે આવી ગયો છે. કારણ રક્ત સમયસર ન મળવાના કારણે આજે વિશ્વમાં હજારો લોકો મોતના શરણે જઈ રહ્યા છે. લોકો રક્તદાન કરવા પ્રેરાય તે હેતુથી ભારતમાં ૧લી ઓકટોબરને નેશનલ બ્લડ ડોનર ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે જે લોકો રક્તદાન કરે છે તેમનું સન્માન કરી પ્રોત્સાહિત કરવાનો અને જે લોકો આ મહાયજ્ઞમાં નથી જોડાયા તેમને રક્તદાન કરવા પ્રેરવા તે હેતુ રહેલો છે. આ દિવસે વિશ્વની અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, કેન્દ્ર અને રાજ્યોના આરોગ્ય વિભાગો, બિન સરકારી સ્વૈચ્છિક સંગઠનો સામાજિક સંસ્થાઓ વગેરે આવા કાર્યક્રમો કરે છે.

આપણને રક્તની જરૂર ક્યારે પડે છે?

યુદ્ધ, ધરતીકંપ, સુનામી, રમખાણો, બોંબ વિસ્ફોટો, અકસ્માતો વગેરેમાં જ્યાં સંખ્યાબંધ લોકો ઘાયલ થાય કે ઈજાગ્રસ્ત થાય છે. ત્યારે આવા ઈજાગ્રસ્તોના શરીરમાંથી પુષ્કળ પ્રમાણમાં લોહી વહે છે અને તેમની સારવાર દરમિયાન મોટા પ્રમાણમાં રક્તની જરૂર પડે છે. ત્યારે જે લોકોએ અગાઉ રક્તદાન કર્યુ હોય તે જ રક્ત આ લોકોને આપવામાં આવે છે. આમ આ રક્તથી તેમની જીવાદોરી લંબાય છે. મહાનગરો અને મોટા શહેરોમાં સમયસર રક્ત મળી જાય છે અને જેને રક્તની જરૂર હોય તેને રક્ત આપવાની વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી તેમની જીંદગી બચી જા છે. પણ ગ્રામીણ અને દેશના અંતરિયાળ વિસ્તારોમાં આવી વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાથી અને સમયસર રક્ત ન મળવાથી આવાં સ્થળોએ થતાં અકસ્માતોમાં ઘણા દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

**રક્તદાન કોણ કરી શકે?**

૧. સામાન્ય રીતે કોઈ પણ પુખ્તવયની તંદુરસ્ત વ્યક્તિ રક્તદાન કરી શકે છે.

૨. આપણા દેશમાં ઘણી જાણીતી આંતરરાષ્ટ્રીય કક્ષાની બ્લડબેંકો છે જે સામાન્ય રીતે મોટાં શહેરોમાં રક્તદાન કાર્યક્રમો કરી રક્ત એકઠું કરતી હોય છે. તેવી બેંકો સામાન્ય રીતે ૧૮ વર્ષથી ૫૦ વર્ષની વયના તંદુરસ્ત લોકો પાસેથી સ્વૈચ્છિક રીતે રક્ત મેળવતી હોય છે.

૩. જે લોકો રક્તદાન કરતા હોય અને તેઓ જો તંદુરસ્ત શરીર ધરાવતા હોય તો ૬૦ વર્ષની વય સુધી રક્તદાન કરી શકે છે.

૪. સામાન્ય રીતે એક વાર રક્તદાન કર્યા પછી ત્રણ માસ સુધી રક્તદાન ન કરવું જોઈએ.

૫. પહેલી વાર રક્તદાન કરતી વ્યક્તિએ ડોકટર સાથે પરામર્શ કરી કોઈપણ જાતના ભય કે ડર રાખ્યા વગર માનસિક સ્વસ્થતા કેળવી રક્તદાન કરવું જોઈએ.

૬. જે લોકોને હાઈ બીપી, લો બીપી, હૃદયરોગ, તણાવ, ટેન્શન વગેરે જેવી બીમારીઓ હોય તેમને રક્તદાન કરવું સલાહભર્યુ નથી. જો કદાચ રક્તદાન કરવું પડે તેમ હોય તો ડોકટરની સલાહ લઈ પછી જ રક્તદાન કરવું.

૭. એચ આઈ વી કે એઈડસગ્રસ્ત વ્યક્તિએ કદાપિ રક્તદાન ન કરવું.

રક્તદાન કર્યા પછી ૧૫ મિનિટ આરામ કરવો. ત્યાર પછી પણ ભારે શ્રમવાળું કે તણાવવાળું કાર્ય ન કરવું.

## રક્તદાન વિષેની માહિતી

- તમારું લોહી કોઈને જીવન દાન આપી શકે છે. કેમકે માનવ રક્તનો કોઈ વિકલ્પ નથી કારણ કે તેનું ઉત્પાદન થતું નથી.
- તમે દાન કરેલું રક્ત તમારા શરીરમાં ફક્ત ૨૪ થી૩૬ કલાકમાં નવું આવે છે. આપ વર્ષમાં ચાર વખત રક્તદાન કરી શકો છો.
- લોહી આપવામાં ફક્ત દશ મિનીટ લાગે છે તે પછી તમારું રોજીંદુ કાર્ય કરી શકો છો.
- લોહી આપતા પહેલાં ચા-નાસ્તો કરવો જરૂરી છે.
- ૧૭ થી ૬૦ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ તેમજ ૪૫ કિલો વજનવાળી સ્વસ્થ વ્યક્તિ રક્તદાન કરી શકે છે.

## શ્રી વલ્લભ ચરણની આશ

મારાં મધુર અંતરાત્માની એક જ આશ,
શ્રી વલ્લભ ચરણોમાં સદાય રાખજો.
આશાનાં આંગણે હું ઉભો છું એકલો,
એમાં શ્રી વલ્લભ પ્રભુ આપ જરૂરથી બિરાજો.
માયા તણી બંસરી બાજે બહુ બેસૂરી
હૈયાતણી વેણુ વગાડો, શ્રી વલ્લભ સુરીલી.
અંતરમનમાં જાગી છે એક માત્ર પ્યાસ
શ્રી વલ્લભ કિર્તન બને મારો શ્વાસ.
શ્રી વલ્લભ શરણમાં રાખો મારું મન.
શ્રી જી તણા ચરણોમાં રાખો મારું તન.
શ્રી વલ્લભનાં વ્હાલાં શ્રી રાસ-રાસેશ્વર
તનનાં તટપર સદાય જીવન રાસ રમાડજો
કર જોડીને 'રાજુ' વિનવે શ્રી વલ્લભને
શ્રી જી સેવા સદૈવ બને મારું જીવન ધન.
દાસનો દાસ કરે ફક્ત એક જ વિનંતી
શ્રી વલ્લભ ચરણોમાં રાખો સદાય વાસ.

*- રાજેશ કડકીઆ*

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## ચંપારણ યાત્રા

ઉપરોક્ત સમાજે ચંપારણ યાત્રાનું આયોજન ૧૨-૮-૦૯ થી ૧૭-૮-૦૯ સુધીનું કરેલ છે. યાત્રામાં સામેલ છે.

૧) આવવા જવાનું ટીકીટ ભાડું તથા બસભાડું
૨) ચા પાણી નાસ્તો તથા સવારનું જમવાનું અને રાત્રી ભોજન
૩) રહેવાની સગવડ
૪) ગેટટુગેધર અને મનોરથ

નોન એ.સી. ૩ Tier રૂા. ૩૨૦૦/-, એ.સી. ૩ Tier રૂા. ૪૫૦૦/-

**બુકીંગ માટે મંત્રીશ્રીનો સંપર્ક કરવો.**

આખરી તારીખ ૩૦-૪-૦૯ બુકીંગ માટેની રાખેલ છે. (ત્રણ મહિના પહેલા બુકીંગ કરવાનું હોવાથી)

વધુ વિગત માટે મંત્રીનો સંપર્ક કરવો.

ફોન નંબર : (ઓ) ૨૩૪૩૮૫૩૫ / ૯૮૨૧૩૧૬૨૩૩

***વાડાસિનોર ગોકુલેશ સમાજવતી***
***મંત્રી : શ્રી બીપીન કીરતનલાલ દોશીના***
***જય જય શ્રી ગોકુલેશ***


## દુકાન વેંચવાની છે

બાલાસિનોરમાં બજારમાં, જુની ખેડા જીલ્લા સહકારી બેંક પાસે અને નેમીનાથ ઈલેકટ્રીકની દુકાનની સામે, ૨૮' x ૭' ની **''મેસર્સ રમણલાલ નાથજીભાઈના બોર્ડવાળી''** દુકાન વેંચવાની છે. સંપર્ક સાધો.

**જયેન્દ્રકુમાર રમણલાલ શાહ - બાલાસિનોર**
**મોબાઈલ - ૯૮૨૫૧૮૨૫૫૨**

# ઈન્ડીઅન રેડક્રોસ
## બાલાસિનોર તાલુકા શાખા

આપણા ગામમાં કે.એમ.જી.જનરલ હોસ્પિટલ સંચાલીત જે.એમ.કડકીયા બ્લડ સ્ટોરેજની સ્થાપના ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખાની પ્રેરણાથી ગયા વર્ષે તા. ૧૪-૬-૦૭ 'વિશ્વ રક્તદાતા દિન'ની ઉજવણીના દીવસે કરવામાં આવી.

'રક્તદાન' માટે લોકોમાં જાગૃતિ લાવવા રેડક્રોસની સભ્યસંખ્યા વધારવાનું નક્કી કરવામાં આવ્યું, અને ઉદ્‌ઘાટન પ્રસંગેજ ૨૫ નવા આજીવન સભ્ય નોંધાયા. ગયે વર્ષે જૂનથી માર્ચ, નવ માસમાં સાત કેમ્પ યોજી ૪૧૮ બોટલ રક્ત એકત્ર કર્યું, વપરાશ ૩૨૩ બોટલ થયું.

આ કાર્યમાં કે.એમ.જી જનરલ હોસ્પિટલના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ, સ્ટાફ તથા પેથોલોજી લેબ.ના વિકેન શાહ તથા હર્ષિદાબેન પટેલનો સંપૂર્ણ સહકાર મળેલ છે. કેમ્પના સહયોગી તરીકે જેસીસ-જેસીરે સી, લાયસન્સ-લાયોનેસ કલબ, આર્ટસ કોમર્સ કોલેજના પ્રસિન્સિપાલશ્રી, પ્રોફેસર્સ, એન.એસ.એસ.એન.સી.સી, યુથ રેડક્રોસ રેડરીબન કલબ, ગામના મુસ્લીમ બિરાદરો વિગેરે સુંદર સહકાર આપેલ છે.

ચાલુ વર્ષે ૧૪-૬ ઉદ્‌ઘાટન દિવસે ૫૭ બોટલ તથા ૧૮-૧૦ બીજા કેમ્પમાં ૪૭ બોટલ રક્ત એકત્ર કર્યુ. તા.૧-૧૨-૦૮ 'વર્લ્ડ એઈડસ ડે'નીમીત્તે રેડ ક્રોસની સામાન્ય સભામાં આયુહોર્મિયડે મેડીકલ એસો. તરફથી સૂચન થયુ. આતંકવાદી હૂમલામાં વીર શહીદોની યાદમાં 'મેગા રક્તદાન યજ્ઞ'નું આયોજન કરવુ, જેને સૌ સભાસદોએ વધાવી લીધું. તા. ૪-૧-૦૯ રવીવાર નક્કી કર્યો. આ.હો.મે.એ.સોના પ્રમુખ ડો. નિખિલભાઈના મિત્ર પ્રકાશભાઈ રોજવાવાળા સિનિયર સિટીઝન ગ્રુપ, ધોબી તલાવ મુંબઈના સભ્ય છે. તેમને આ કેમ્પ માટે દરેક રક્તદાતાને 'લેધર મની પર્સ' તથા અન્ય ખર્ચ આપવાની તૈયારી બતાવી જેથી અમારા સભ્ય મિત્રો સોસાયટીઓમાં ઘરે ઘરે ફરી, નામો નોંધવા જોરદાર જૂંબેશ ઉપાડી, આવો અનન્ય સહકાર આપવા માટે મુરબ્બી રસીકભાઈ દેવ તથા પ્રકાશભાઈના અમે આભારી છીએ.

તા. ૪-૧-૦૯ રેડક્રોસ બ્લડબેંક નડીયાદ શાખાના સહકારથી ૩૦૧ બોટલ ૪-૦૧-૦૯ ગોધરા શાખાના સહકારથી ૧૪૦ બોટલ, ૬-૧-૦૯ આણંદ શાખાના સહકારી ૪૩ બોટલ, કુલ ૪૮૪ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યુ. તેની સામે સ્ટોરેજ સેન્ટરમાંથી ૧ માર્ચ ૦૯ સુધી ૩૨૫ બોટલ રક્ત વપરાયું, તદઉપરાંત ૧૫ બોટલ સેવાલીયાના બે દર્દીને આણંદમાં ઓપરેશન માટે ત્યાંની બ્લડ બેંકમાંથી વ્યવસ્થા કરી આપી. તથા બાલાશિનોરના બે દર્દીને ત્રણ બોટલ એ-પોઝીટીવ અને બી-પોઝીટીવની વ્યવસ્થા ગોધરા બ્લડબેંકમાંથી કરી આપી અને કુલ વપરાશ બોટલ ૩૪૪ થઈ.

જેસીસ ઓફ બાલાસિનોર દ્વારા રક્તદાતાઓનું લીસ્ટ, ફોન નં.બ્લડગ્રુપ વિગેરે. 'બિજનેસ ડીરેકટરી' તૈયારી કરી ભારતીય જેસીસ ઉપપ્રમુખના વરદ હસ્તે વિર્મોચન કરાવ્યું.

*- ડો. નગીનભાઈ શાહ (પ્રમુખ)*


**મકાન વેંચવાનું છે**

ત્રણ માળનું નળ, લાઈટ, સંડાસબાથ રૂમની સંપુર્ણ સુવિધાવાળું રહેણાંક મકાન તાત્કાલિક વેંચવાનું છે.

***ઠેકાણું***- પાંચ હાટડીયા,
બાલ હનુમાન મંદિરની બાજુમાં, બાલાસિનોર.
**મોબાઈલ - ૦૯૮૨૪૭૯૬૩૬૭**

## કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હૉસ્પિટલ

બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાઓના સન્માન અંગેનો એક સમારંભ તા. ૪-૩-૦૯ના રોજ બાલાસિનોર ખાતે હોસ્પિટલ કેમ્પસમાં યોજવામાં આવેલ. આ પ્રસંગે પૂજ્ય કૈવલજ્ઞાન પીઠાધિશ્વર સપ્તમ કુવેરાચાર્ય પ.પૂ.ગુરૂજી અવિચલદાસજી મહારાજશ્રી આશિર્વચન આપવા પધારેલા અને આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે વર્તમાન ધારાસભ્યશ્રી માનસિંહજી કે. ચૌહાણ તેમજ માજી ધારાસભ્યશ્રી રાજેશભાઈ જી. પાઠક (પપ્પુભાઈ) ઉપસ્થિત રહેલા. આ પ્રસંગે બાલાસિનોરના વતનપ્રેમી દશાનીમાં જ્ઞાતિના અને હાલ મુંબઈ ધંધાર્થે સ્થાયી થયેલા નીચે મુજબના સખાવતી દાતાશ્રીઓએ ટ્રસ્ટને પ્રોત્સાહક દાનની જાહેરાત કરી હતી. સંસ્થા સદર તમામ દાતાશ્રીઓનો હૃદય પુર્વક આભાર માને છે.

કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં તા. ૪-૩-૦૯ના રોજ યોજેલ સન્માન સમારંભમાં નીચેના દાતાઓના વચન મળેલ છે.

૧ લીલાબેન બાબુલાલ કડકીઆ તથા સ્વ.બાબુલાલ ઓચ્છવલાલ કડકીઆના સુપુત્રો તરફથી (બાબુલાલ લટકારી પરિવાર)
રૂા. ૧૧,૧૧,૧૧૧.૦૦

૨ શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) સ્વ.ઈંદીરાબેન રજનીકાંત શાહ ના સ્મરણાર્થે
રૂા. ૧,૫૦,૦૦૦.૦૦

૩ મર્હુમ હાજી ઈસ્માઈલભાઈ ઈસાભાઈ શેખ તથા મર્હુમા હજીયાણી મરીયમબેન ઈસ્માઈલભાઈ શેખ (ઢોલકી)ની સ્મૃતિમાં હ.હાજી શ્રી મોહંમદ અયાઝ હાજી અબ્દુલ મુનાફ શેખ (દેવવાળા)
રૂા. ૧,૫૦,૦૦૦.૦૦

૪ શ્રી રમણલાલ હરિલાલ દેસાઈ (મેનપુરાવાળા)ના પરિવાર તરફથી
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૫ શ્રી રાવજીભાઈ બહેચરભાઈ પટેલ.
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૬ કલાવતીબેન કાંતિલાલ મહેતા (લેડી)ના સ્મરણાર્થે હસ્તે : શ્રી મોહિતભાઈ.
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૭ શ્રીમતી આશાબેન વિરેન્દ્રભાઈ ગાંધી (સુરતી) (શાંતાબેન કંચનલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગના વિકાસ માટે)
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૮ ચંદુલાલ અમૃતલાલ પરીખ હ.નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૯ તરૂબેન અને પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ હ.કામીલ શેઠ
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૧૦ દિનેશચંદ્ર ચિમનલાલ પરીખ (રાઠોડીઆ).
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૧૧ મધુકાન્તા જંયતિલાલ દેસાઈ (પડાલવાળા) હસ્તે : જયંતિલાલ દેસાઈ
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૧૨ કુસુમબેન પુનમચંદ ભીખાલાલ પરીખ (અધોળી)
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૧૩ સુવિધા કુકરી બુક ટ્રસ્ટ હસ્તે : શૈલેષભાઈ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) અને ઉષાબેન શૈલેષભાઈ ધારીઆ
રૂા. ૧,૦૦,૦૦૦.૦૦

૧૪ શ્રી જયંતિભાઈ મંગળભાઈ પટેલ (બીલ્ડર) બાલાસિનોર
રૂા. ૫૧,૦૦૦.૦૦
૧૫ શ્રીમતી અલ્કાબેન દિલીપભાઈ રમણલાલ દોશી.
રૂા. ૨૫,૦૦૦.૦૦
૧૬ મેસર્સ વિષ્ણુ સુગર કેન્ડી વર્કસ
રૂા. ૧૧,૦૦૦.૦૦
૧૭ શ્રી કાસમભાઈ શેખ (પ્રમુખશ્રી નગરપાલિકા)
રૂા. ૧૧,૦૦૦.૦૦
૧૮ શ્રી દિનકરલાલ કોદરલાલ પરીખ
રૂા. ૧૧,૦૦૦.૦૦

**ટોટલ રૂા. ૨૫,૨૦,૧૧૧.૦૦**

## ઓપરેશન મિતી યોજના હેઠળ
## રૂા. ૭૫૦૦/-ના દાન માટે
## તા : ૧૫-૩-૦૯ સુધીમાં

## નીચેના વધુ દાતાઓના વચન મળેલ છે

૧ ધીરજબેન પોપટલાલ ગોહેલ
૨ મર્હુમ હજીયાણી હલીમાબેન હાજી અબ્દુલગની શેખ (વનોડીયા) હસ્તે : રશીદભાઈ
૩ મર્હુમ હાજી મહંમદભાઈ અબજલભાઈ તથા મર્હુમ હજીયાણી આશીબેન મહંમદભાઈ (જનોડવાળા) હસ્તે : હાજીઈકબાલભાઈ હાજી મહંમદભાઈ (ફેમસ ફર્નિચર)
૪ કનુભાઈ લલ્લુભાઈ પટેલ (વાડીલાલ આઈસ્ક્રીમવાળા)
૫ વિજયભાઈ બહેચરભાઈ પટેલ (રાવજીભાઈના ભાઈ)
૬ મેઘા વ્રજેશ દેસાઈ હસ્તે : વ્રજેશ દેસાઈ
૭ નેહા તન્મય દેસાઈ હસ્તે : વ્રજેશ દેસાઈ
૮ સ્વ. નિપૂર્ણાબેન બિપીનચંદ્ર મોદી
૯ કૌશિકભાઈ શાંતિલાલ શાહ (ચોકસી)
૧૦ નિતિનભાઈ શાંતિલાલ શાહ (ચોકસી)
૧૧ જયકિશોરભાઈ શાંતિલાલ શાહ (ચોકસી)
૧૨ ઉદેસિંહ કાળુસિંહ ઠાકોર (કંબોપાવાળા)
૧૩ લીલાબેન બાબુલાલ કડકીયા (લટકારી)
૧૪ પાર્થ નીતીનભાઈ શાહ (ચોકસી)
૧૫ અવીજ પીંકલ શાહ (ચોકસી)
૧૬ સુરેશભાઈ મોહનલાલ શાહ (ઉજડાવાળા)
૧૭ નાથીબેન ધુળાભાઈ દરજી હ.રસીકલાલ દરજી
૧૮ મહેતા કીરતનલાલ ભીખાલાલ (ધરીવાલા)
૧૯ નીથીષ રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા)
૨૦ સંજય રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા)
૨૧ નવિનચંદ્ર જેઠાલાલ શાહ (બરોડાવાળા)
૨૨ ભીખાલાલ લલ્લુભાઈ પટેલ (જેઠોલીવાલા)
૨૩ પુર્વી પ્રીતેશ શાહ હ.વિનીત રસિકલાલ મોદી (દેવ)
૨૪ પાયલ અમર કડકીયા હ.ઉર્વિશ રસિકલાલ મોદી (દેવ)
૨૫ અનસુયા કચરાલાલ દોશીના સ્મરણાર્થે હ.કચરાલાલ દોશી
૨૬ નિરંજનરાય પુનમચંદ ત્રિવેદી હ. શર્મિષ્ઠાબેન નિરંજનરાય ત્રિવેદી
૨૭ ચંદનબેન ચંદુલાલ ગાંધી

## કે.એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં ટ્રસ્ટ ભંડોળમાં નીચેના દાતાઓ નોંધાયેલા/મળેલા છે.

(૧) બાબુલાલ મોજીલાલ કડકીઆ (બનડા) હ.હેમંતકુમાર તથા રાજેન્દ્રકુમાર ૧૧,૦૦૦/-
(૨) નીરંજનરાય પુનમચંદ ત્રિવેદી હ.શર્મિષ્ઠાબેન નિરંજનરાય ત્રિવેદી ૨૫૦૦/-
(૩) મર્હુમ હકીમુદ્દીન મહંમદઅલી હાજી હ.ઝરીનાબેન ઈબ્રાહીમભાઈ મલેક ૧૧૦૦૧/-

(૪) પુંજાભાઈ પરમાભાઈ વણકર હ.નટવરભાઈ રામાભાઈ વણકર ૧૧૦૦૧/-

## બાલાસિનોર સેવા સમાજમાં ટ્રસ્ટ ભંડોળમાં નીચેના દાતાઓ નોંધાયેલા/મળેલા છે.

(૧) સુભદ્રાબેન કીરતનલાલ દેસાઈ ૧૧,૦૦૦/-

## શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ

હોસ્પિટલમાં તા. ૮-૩-૦૯ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજવામાં આવેલ જેમાં આણંદના ફીજીશીયન ડૉ.શિશિરભાઈ ગાંધી તથા તેઓશ્રીના ડોકટરોની ટીમ સાથે આવેલા. આ કેમ્પમાં કુલ ૧૪૩ દર્દીઓના ઈ.સી.જી તથા પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલા તેમજ ૧૪૦ દર્દીઓને ૧૦ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૨૨૨૭૦/- ની માફી કરવામાં આવેલ.

આ કેમ્પમાં શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ-પ્રમુખશ્રી, શ્રી વસંતભાઈ પરીખ-ઉપ પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્રભાઈ દેસાઈ તેમજ કારોબારી સભ્યોશ્રી નિતીનભાઈ પરીખ, શ્રી પરેશભાઈ પરીખ, શ્રી નિરંજનભાઈ પરીખ, શ્રી રાજુભાઈ(લાય)એ હાજરી આપી હતી તેમજ આ કેમ્પમાં સ્થાનિક શ્રી વિપીનભાઈ મોદી, શ્રી કીરતનભાઈ પારેખ, શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી મયંકકુમાર ચોકસી, શ્રી હાજી અબ્દુલ મુનાફભાઈ શેખ હાજર રહેલા.

## બારમો ચશ્મા કેમ્પ

હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે મફત આંખ તપાસણી તથા ચશ્મા વિતરણ કેમ્પ મેસર્સ કે.મનોહર એન્ડ કું. મુંબઈના સહકારથી તાલુકાના બે ગામો સુતારીયા ગામે તા. ૭-૩-૦૯ના રોજ તેમજ તા.૮-૩-૦૯ના રોજ બોડોલી ગામે યોજવામાં આવેલ. આ કેમ્પમાં અનુક્રમે સુતારીયા ગામે ૪૬૦ ચશ્મા તથા બોડોલી ગામે ૩૬૨ ચશ્માનું મફત વિતરણ કરવામાં આવેલું. આ કેમ્પમાં ઉપ પ્રમુખશ્રી વસંતભાઈ પરીખની રાહબરી હેઠલ બન્ને દિવસોએ સફળ આયોજન કરવામાં આવેલ.

કેમ્પોના નામકરણ માટેની ટહેલ

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ નીચે મુજબના કેમ્પોના નામકરણ માટેના દાતાઓને આવકારે છે.

(૧) ચશ્મા વિતરણ કેમ્પ (ચશ્મા શિબીર) રૂા.૫,૦૦,૦૦૦/-
(૨) ચામડીના રોગોનો નિદાન કેમ્પ રૂા.૨,૫૧,૦૦૦/-
(૩) માનસિક રોગોનો નિદાન કેમ્પ રૂા.૨,૫૧,૦૦૦/-
(૪) સર્વ રોગ નિદાન કેમ્પ રૂા.૫,૦૦,૦૦૦/-
(૫) ન્યુરો સર્જરી નિદાન કેમ્પ રૂા.૨,૫૧,૦૦૦/-
(૬) કીડનીના રોગોનો નિદાન કેમ્પ રૂા.૨,૫૧,૦૦૦/-

ઉપર મુજબના કેમ્પોના નામકરણ માટે જણાવેલ રકમ હોસ્પિટલમાં દાનની ગંગા વહેવડાવવા સર્વે સખાવતી દાતાઓને જાહેર અપીલ છે. આ અંગે

મુરબ્બીશ્રી રસીકભાઈ મોદી (દેવ), મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (મો. ૯૮૨૦૦૮૦૧૯૪) તથા ખજાનચી શ્રી કાર્તિકભાઈ કડકીઆ (૯૮૨૦૦૩૦૮૪૨) નો સંપર્ક કરવા વિનંતી.

(૧) શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી રૂા.૫,૦૦,૦૦૦/- કેન્સર નિદાન કેમ્પના નામકરણ માટે માતબર દાનનું વચન મળ્યું છે.

## ગીરી પૂજા

કોકિલા પ્રવીણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ (વલ્લભઘેલા) કેન્સર નિદાન કેમ્પ

(૨) શ્રી શશિકાંત મણીલાલ ગાંધી તરફથી રૂા. ૨૫૧૦૦૦/-

બાળરોગ નિદાન કેમ્પના નામકરણ માટે માતબર દાનનું વચન મળેલ છે.

ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પ

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

***- તંત્રી - નિખિલ પરીખ***

***- મંત્રી - મંજુલ ધારીઆ***

દાતાશ્રીઓને અભિનંદન આપીએ છીએ.

(૧) કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ ને તા.૧-૪-૦૯ થી ૩૧-૩-૨૦૧૨ સુધી દાનની રકમ આપનાર દાતાશ્રીને ભારતીય આવકવેરા ધારાની કલમ નંબર ૩૫ એસી હેઠલ ૧૦૦ ટકા માફી મળશે.

***મંત્રીશ્રીઓ - શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ***

(૨) કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલના પટાંગણમાં શ્રી ગણપતિજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૨૦૬૫ના વૈશાખ સુદ ૧૨ ને બુધવાર તા. ૬-૫-૨૦૦૯ના રોજ છે. તો સર્વેને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

***પ્રમુખશ્રી - શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ***

## બાલાસિનોર કે.એમ.જી.હોસ્પિટલમાં પ્રદર્શન યોજાયું

બાલાસિનોર કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં 'વાત્સાયન કેન્દ્ર-મમતા કલીનીક' તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-બાલાસિનોરના સંયુક્ત ઉપક્રમે જાહેર રેલી તથા લાયસન્સ કલબ બાલાસિનોર ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જાહેર રેલીમાં બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલના ૩૦૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, ડોકટર-મિત્રો, લાયન્સ કલબ તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તેમજ કે.એમ.જી જનરલ હોસ્પિટલનો કર્મચારી વર્ગ તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર ક્ષય વિભાગનો સ્ટાફ પણ હાજર હતો. સંચાલન વાત્સાયન કેન્દ્રના કાઉન્સીલર અજીત જી. મનસુરી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખ ડો. નગીનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વેરાસા માટે દાતાશ્રીઓને નમ્ર અપીલ

બાલાસિનોર તાલુકાના આદીવાસી વિસ્તારમાં આવેલ વેરાસાની પ્રાથમિક શાળામાં વેરાસા, ભોગિયા કિનારી અને આસપાસના બાળકો અભ્યાસ માટે આવે છે. મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની આ ગરીબ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને વેગ મળે તે માટે ઉદારદિલ દાતાશ્રીઓને નમ્ર અપીલ છે કે.

૧) વેરાસાની શાળાના બાળકો માટે ક્રિડાંગણના વિકાસ માટે મદદની જરૂર છે.

૨) જંગલમાં મંગલ જેવા આ વેરાસા શાળા પરિસરમાં બાળકો બેસવા માટે, આમંત્રિત મહેમાનો-મુલાકાતીઓને બેસવા માટે બેઠકો-બાંકડા મુકવા માટે મદદની જરૂર છે.

૩) શાળાના પ્રથમ પ્રવેશ દ્વારે ગેટ (પ્રવેશ દ્વારા) બનાવવા માટે મદદની જરૂર છે.

૪) વેરાસાના સરદાર આવાસ યોજનામાં રહેતાં આદીવાસીઓ માટે મંદિર બનાવવા મદદની જરૂર છે.

૫) વેરાસાની કુસુમ બાલવાડી, તથા વેરાસા પ્રાથમિક શાળાના બાળકો માટે એક દિવસના નાસ્તાના રૂા. ૧૦૦૦/- એક દિવસના ભોજનના રૂા. ૨૦૦૦/- અને એક દિવસના મિષ્ટાન સાથેના ભોજન માટે રૂા. ૩૦૦૦/-ના તિથી દાતાની જરૂર છે.

૬) વેરાસાની પ્રવૃત્તિના વિકાસ માટે દાન આપેલ દાતાશ્રીઓને વિનંતી કે આપેલ દાનની પાકી પહોંચ ના મળી હોય તો નીચેના સરનામે સંપર્ક કરી મેળવી લેવા વિનંતી. તા. ૬-૩-૦૯ના કાર્યક્રમ સમયે જાહેર કરેલ દાનની પહોંચ પણ જે દાતાઓને ના મળી હોય તેમણે મેળવી લેવા વિનંતી છે.

૭ વેરાસાના વિકાસની પ્રવૃત્તિ માટે અને ગરીબોને મફત અનાજ વિતરણની કામગીરી માટે કાર્યરત મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટને કલમ ૮૦-જી હેઠળ ઈન્કમટેસ માફી સર્ટીફીકેટ મળેલ છે.

*લિ. નવનીતલાલ મણીલાલ શાહ (જાટ) પ્રમુખ -મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ વેરાસા*
*ઠે.પટવા શેરી, બાલાસિનોર (જી.ખેડા) ફોન . ૦૨૬૯૦-૨૬૬૭૯૮*
*મુંબઈ : શ્રીમતી તરૂલતાબેન પ્રફુલ્લભાઈ શેઠ-મો.૦૯૮૨૧૦૩૭૩૦૦*

# સંગીતા કિરણ દોશી વ્યાખ્યાનમાળા

પ્રો.રાજન કડીયાનું ૧૯મું વ્યાખ્યાન યોજાયું

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી ચેરીટેબલ 'ટ્રસ્ટના ઉપક્રમે સંગીતા કિરણ દોશી વ્યાખ્યાન માળાનું ૧૯મું વ્યાખ્યાન લાયન હોલ ખાતે યોજાયું. 'વેદાન્ત આજના સંદર્ભમાં' એ વિષય પર પ્રો. રાજન કડીયાએ મનનીય પ્રવચન આપ્યું. સમારંભના અધ્યક્ષ પદેથી શ્રી નટવરભાઈ ચંદુલાલ પરીખે બાલાસિનોર વિદ્યામંડળની રૂપરેખા સમજાવી મહેમાનોનું સ્વાગત કર્યું. શ્રી અરૂણભાઈ તથા શ્રી જંયતીભાઈ ગાંધીએ વક્તાનો પરિચય આપ્યો. કાર્યક્રમના અંતે વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મણીકાન્તભાઈ કડકિયાએ તથા મંત્રીશ્રી ડો. નગીનભાઈ શાહે નવ નિયુક્ત પ્રિન્સીપાલ ડો.પી.માછીનું અને કાર્યકારી ઈન્ચાર્જ આચાર્ય પ્રો.એસ.એસ.ભટ્ટનું અભિવાદન કર્યું શ્રી મણીકાન્તભાઈ કડકીયાએ સૌના સહકાર બદલ આભાર માન્યો. કાર્યક્રમનું સંચાલન પ્રો. રજનીભાઈ ભટ્ટે સંભાળ્યું હતું.

## ફગવાના રંગે રંગાયું વાડસોલ ગામ

ફગવો એટલે પુષ્ટિમાર્ગિય વૈષ્ણવોનો અતિ પ્રિય ઉત્સવ. આ વર્ષે માર્ચ મહિનાની ૪ અને ૫ તારીખો દરમ્યાન આપણું વાડસોલ ગામ ફગવાના ઉમંગથી રંગાઈ ગયુ હતુ. સ્થાનિક તથા મુંબઈથી ઉમટેલ તમામ વૈષ્ણવોએ ભક્તિભાવ, ઉલ્લાસ અને હર્ષ સાથે આ મહોત્સવમાં ભાગ લીધો હતો.

ગોકુળનાથજી પ્રત્યેની અનન્ય ભક્તિના કારણે વાડસોલ ગામને ''છોટી ગોકુલ''થી નવાજવામા આવ્યું છે.

આ વર્ષે ફગવા ઉત્સવના મનોરથી કલાબેન રમણલાલ ધારીયા શહેરાવાળાના પરિવારજનો હતા. તેમના તરફથી બાલાસિનોરના તમામ વૈષ્ણવોને આ ઉત્સવમાં સહભાગી બનવા ભાવપૂર્વક આમંત્રણ હતું. આ પ્રસંગે ચતુર્થ પીઠાધીશ્વર શ્રી ૧૦૮ ગો.શ્રી રાજકુમાર શ્રી વલ્લભબાવાની પધરામણીથી આખાય પ્રસંગની શોભા દીપી ઉઠી હતી. મુંબઈથી મોટી સંખ્યામાં વૈષ્ણવો પધાર્યા હતા.

ફાગણ સુદ ૮ ની સાંજે ધરિયાવાડમાં કિર્તનકારો તરફથી ગવાયેલ ભજન કિર્તન તથા રસિયાનો આનંદ વૈષ્ણવોએ લીધો હતો. રાત્રે દાંડિયારાસ તથા ગરબાની મજા સહુએ માણી હતી. જે.જે.ના જન્મદિવસની વધામણી હાજર રહેલ સહુ વૈષ્ણવોએ ભાવપૂર્વક ઉજવી હતી.

હોળી પહેલા ફાગણ માસના ફાગ રમવા ઠાકોરજી ગોકુળનાથજીના મંદિરથી હવેલીએ દર વર્ષે ફાગણ સુદ ૯ના દિવસે જાય છે. આ દિવસે ઠાકોરજીની પાલકી ઉચકવાનો અમુલ્ય અવસર સાંપડે છે.

આ વર્ષે પણ સવારના ગોકુળનાથજીના મંદિરેથી ઠાકોરજીની શોભાયાત્રા 'જય જય શ્રી ગોકુલેશ'ની ધુન વચ્ચે ફગવે પહોંચી હતી. ત્યાં ગુલાલની છોળો વચ્ચે અને જે.જેના સંગે સહુ વૈષ્ણવોએ ફગવાનો રંગ માણ્યો હતો. રાજભોગના દર્શન બાદ સહુ વૈષ્ણવોએ પ્રસાદ લીધો હતો. સાંજે બેન્ડવાજા તથા અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઠાકોરજીની પાલકી સાથે ગોકુલનાથજી મંદિર તરફ પ્રયાણ કર્યું હતું.

મુંબઈના વ્યસ્ત જીવનથી દૂર માદરે વતનના આંગણામાં ઠાકોરજીના સાનિધ્યમાં અને જે.જેની સંગે ફગવા મનોરથનો જે આનંદ માણવા મળ્યો તેનું વર્ણન શબ્દોમાં કરવું મુશ્કેલ છે.

માંહી પડયા મહાસુખ પામે મુંબઈમાં વસતા ઘણા વૈષ્ણવો દર વર્ષે ફગવાના રંગે રંગાવા બાલાસિનોર નિયમિત પધારે છે.

આ વર્ષે ખૂબ મોટી સંખ્યામાં આવેલ વૈષ્ણવો આ ઉત્સવ જે હર્ષ અને ઉલ્લાસથી માણ્યો તે નિહાળી દરેક વૈષ્ણવના હૃદયમાં દર વર્ષે અહીં આવી ફગવાના રંગે રંગાવાની ઈચ્છા જરૂર જાગી હશે.

---

### 'શ્રી વલ્લભ નામ ...'

પ્રાણ પ્યારૂં છે શ્રી વલ્લભ નામ વહાલું છે.
પ્રાણ પ્યારૂં છે, ચંપારણ ધામ વહાલું છે.
શ્રીજીના અવતાર તમે, વૈષ્ણવોના તારણહાર તમે
દીશાહીન વૈષ્ણવો થયા. ધર્મનો ચીંધ્યો રાહ તમે.
શ્રી વલ્લભ નામ વહાલું છે.
બ્રહ્મ સંબંધથી સાધ્યા શ્રી કૃષ્ણ ભાગવત કેરો મહિમા ગાયો.
શ્રી કૃષ્ણઃ શરણં મમઃ અષ્ટાક્ષર મંત્ર તમે આપ્યો.
શ્રી વલ્લભનામ વહાલું છે.
સનાતન ધર્મ બતાવ્યો તમે, ભારત કેરી પરીક્રમા કરી.
પળપળ મૂખેથી રટતા, આવી ઉભા પડખે અમારી.
પ્રાણપ્યારૂં છે, શ્રી વલ્લભનામ વહાલું છે.

*'સુલપ' - (સુરેશ લ. પરીખ)*

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુક્રમણી દાન :-

(૧) સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ)નું માતબર દાન શ્રી વિરેન્દ્રભાઈ કંચનલાલ ગાંધી (સુરતી) પરિવાર તરફથી બુકબેંક યોજના માટે તેમના સ્વ.પિતા શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી(સુરતી)ની મધુર યાદમાં મળ્યું છે.

આ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના પાઠ્ય પુસ્તકોનો સેટ ૧૦ ટકાના દરે એક વર્ષ માટે આપવામાં આવશે. જે તેઓએ પરિક્ષામાં ઉત્તીર્ણ થયા પછી કોલેજને પરત કરવાના રહેશે. જેથી તે બીજા વિદ્યાર્થીને પછીના વર્ષે આપવામાં કામ આવે.

આપણી પછાત વિસ્તારની કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ આર્થિક રીતે ખૂબજ નબળા પરિવારમાંથી આવે છે. અને તેઓ માટે આપણી બુક બેંકને દર વર્ષે ૧ લાખ રૂપિયાની જરૂરિયાત પડે છે.

(૨) શ્રી કીર્તીભાઈ હિરાલાલ કડકીઆ (લટકારી) પરિવાર તરફથી રૂા. ૧૧,૦૦૦/-(અંકે રૂપિયા અગિયાર હજાર)નું દાન તેમના સુપુત્ર ચી.ચિરાગના લગ્ન પ્રસંગે આપણી સંસ્થાને બુકબેંક માટે મળ્યું છે. આ સંપૂર્ણ રકમ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકનો સેટ આપવા માટે વાપરવામાં આવશે.

મુરબ્બી શ્રી કંચનકાકાએ સંસ્થાને ૧૯૬૮ થી ૧૯૮૯ (૨૧ વર્ષ) સુધી ખજાનચી તરીકે સેવા આપી હતી.

શ્રી કીર્તીભાઈ કડકીઆ આપણી દરેક સંસ્થાને તેમની સેવા પૂરી પાડે છે. અને એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે જેનો અર્થ છે ઈશ્વર શક્તિ આપે છે-બીજાનું રક્ષણ કરવા, ધન આપે છે-બીજાને મદદ કરવા/દાન આપવા, અને જ્ઞાન આપે છે-બીજાને વહેંચવા. જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે. તેની શક્તિ, ધન, અને જ્ઞાન વધતાંજ જાય છે.

*લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

માર્ચ માસના અંકમાં જાહેરાત કર્યા મુજબ બાલાસિનોર ખાતે વસતા દશાનીમા જ્ઞાતિજનોનું વસ્તી પત્રક તૈયાર થઈ રહ્યું છે.

વિભાગ ૧માં બાલાસિનોર ખાતે કાયમી રહેલા કુટુંબીજનોની આશરે ૭૦ કુટુંબોની સંપૂર્ણ યાદી આવી ગઈ છે.

વિભાગ ૨માં વર્ષ દરમ્યાન ત્રણેક માસથી વધુ સમય બાલાસિનોર ખાતે રહેલા હોય તેવા આશરે ૩૦ કુટુંબોની યાદી આવી ગઈ છે.

વિભાગ ૩માં જે જ્ઞાતિજનો બાલાસિનોર ખાતે રહેતા ન હોય પરંતુ બાલાસિનોર ખાતે પોતાના મકાનો ધરાવતા હોય તેવાં આશરે ૨૫૦-૨૭૫ કુટુંબોની યાદી આવી ગઈ છે. તા. ૩૦-૪-૨૦૦૯ સુધી આવી વિગતો સ્વીકારવામાં આવશે. જેના ફોર્મ આપ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય પરથી મેળવી આપી શકો છો.

બાલાસિનોર અને દશાનીમા જ્ઞાતિજનોની અન્ય માહિતીઓ એકઠી કરી રહ્યા છીએ. વસતી પત્રક ઉપરાંત બાલાસિનોર જ્ઞાતિજનોનો વિકાસ સામાજીક રાજકિય આર્થિક ક્ષેત્રોમાં આપેલો ફાળો, બાલાસિનોરની વર્તમાન જાણવા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવશે.

*- નિતીન ગાંધી, નિમેષ કડકીઆ - મંત્રીઓ*

## કાનુડો કામણગારો

મારા કાળજાની કોરે બેઠો કાનુડો કામણગારો
મારા કાળજાની કોરે બેઠો કાનુડો કામણગારો
રૂડીને રંગીલી વગાડે વાંસળી એ તો છેલ છોગાળો...મારા
મધુરી વાંસળીના સુર થકી મનને ડોલાવતો
કામણગારો નેણલાંએ સાહ્યબો જાદુ જગાવતો...મારા
મીઠુ મીઠુ મલકી મારા મનને લુભાવતો
માખણચોર મારો રસિયો મારા દિલને ચુરાવતો...મારા
ચિતડાંનો ચોર, મારા મનડાંનો મોર મારો
રંગીલો સાહ્યબો
મારા મનનો માણીગર મારી પ્રીતડીએ બંધાણો...મારા
રૂડોને રંગીલો શ્યામ દીસંતો કોડિલો કોડામણો
અલબેલા કાજે મારી આંખડી કરતી ઉજાગરો...મારા
મારા કાળજાની કોરે બેઠો કાનુડો કામણગારો
રૂડીને રંગીલી વગાડે વાંસળી એતો છેલ છોગાળો...
એતો છેલ છોગાળો. **- ઉષા એસ.ધારીયા**

## શબ્દ

શબ્દોની આ હેરાફેરીમાં,
શું મળ્યુ ? અને શું મળશે ?
શબ્દોની તો જંજાળ બની,
મનની મુરાદો સાવ લૂખી...(૧)
એવું તે શું પ્રાધઆન્ય શબ્દોમાં ?
શબ્દથી કરે પ્રેમ અને ઘાયલ,
શબ્દમાં નથી બંધન કે મુક્તિ,
શબ્દોનું કંઈ કામ જ ના...(૨)
સત્ય શોધતા કરી મથામણ,
કોઈ વાત ના જડી સંઘર્ષથી,
બધુ શૂન્ય અને શાંત થઈ ગયું.
હવે ઘડી આવી ચૂપ રહેવાની...(૧)

**-ઈન્દુ રોહિત દેસાઈ**

# નારી તુ નારાયણી

નારી તારા રૂપ છે હજાર
કયા રૂપે તને બોલાવવી
માતાપિતાની પુત્રી બનીને, બંને કુળ દીપાવનાર
વ્હાલી દીકરીના નામે ઓળખાઈ
કયા રૂપે તને બોલાવવી
રાખી હાથમાં બાંધીને, ભાઈના જીવનની રક્ષા કરી
વ્હાલી બહેનની નામે ઓળખાઈ
કયા રૂપે તને બોલાવવી.
પ્રીતમની પ્રેમીકા બની , તે જીવનને મહેકાવ્યુ
સજનાની નામે ઓળખાઈ
ક્યા રૂપે તને બોલાવવી.
પતિની પ્રેમાળ પત્ની બનીને, ઘરસંસાર દીપાવ્યો
જીવન સંગીની નામે ઓળખાઈ
કયા રૂપે તને બોલાવવી
ભાઈની ભાર્યા બની, લક્ષ્મણરેખાને સાચવી
દિયરની ભાભી કહેવાઈ
કયા રૂપે તને બોલાવવી

સંતાનને જન્મ આપી, જગમાં વાત્સલ્ય રેડાવ્યુ
જનની ના નામે ઓળખાઈ
કયા રૂપે તને બોલાવવી
કાકાની કાકી બની, ને મામાની માની
ફોઈ ને માસીના નામે ઓળખાઈ
ક્યા રૂપે તને બોલાવવી.
જીવનના આધાર સ્તંભ દાદાની દાદી બની
નાનીમા કે મોટીબા કહેવાઈ
કયા રૂપે તને બોલાવી.
નારી તારા રૂપ છે હજાર કયા રૂપે તને બોલાવવી.

**- અમીતા અજીતકુમાર પરીખ**

## ચંચલ મન

ચંચલ હૈ કિતના અપના મન
પલ પલ હોતા હૈ પરિવર્તન
કભી સોચતા ભટક રહા હું
ક્યોં જીવન કી રાહોં મેં
કભી ઉઠતી હૈ તરંગ
ભરલૂં અંમ્બર કો બાંહો મેં
કભી નિરાશા કા ઝોંકાઆ
સબ દીપ બુજાકર જાતા હૈ
અંધકાર છા જાતા હૈ
કભી આશકી એક કિરણ
દૂર નજર જો આતી હૈ
નઈ ઉમંગે નઈ ચેતના
નવ જીવન દે જાતી હૈ
કભી સુખોં કે મેલે મેં ભી
વિચલિત સા રહતા હૈ મન
કભી દુઃખોકે જમઘટ મેંભી
દિખતા હૈ સુખકા નર્તન
યહ કૈસા હૈ મન કા વર્તન
કિ પલપલ હોતા હૈ પરિવર્તન
ચંચલ હૈ કિતના અપના મન
ઈતને વાર હુએ હૈ દિલપર
દિલ હૈ જખ્મો સે ભરા હુઆ
જો જખ્મ મિલે હૈં અપનોં સે
વહાં કૌન દિખાયે રાહ હમે।।
યહાં કૌન દિખાયે રાહ હમેં
સબ ભટકે ભટકેરાહી હૈ.
જાને ક્યોં કદમ હમારે આ
ઐસે મુકામ પર ઠહરે હૈં ।।
તુમ કહાં ગયે કબ કિસસે મિલે
યહ બાત નહીં છુપને વાલી
હર શખ્સ કી હરએક હરકતપર
દુનિયા કી નજર હે પહરે હૈ. ।।
દુખ દર્દ મિલે ચુપચાપ સહો
ખામોશ રહો કુછભી ન કહો.
હૈ બેકાર યહાં રોના ધોના
યહ દુનિયા વાલે બહરે હૈ ।।
- બી.એસ.ગાંધી (કાનપુર)

---

## શ્રીજી
**(મીલન)**

તડપ મનમાં જાગી ઉઠી,
મન મળવા તડપી રહયું!
પ્યાસ નયનોની આતુર બની,
નયનોનાં જળ ના રોકી શક્યું! (૧)

બહાર વર્ષા વરસી રહી,
રૂદય મારૂં ધડકી ઉઠયું!
શંકા ઉઠે મનમાં મારી,
ચિતડું આજ ડગી રહયું! (૨)

અકળ લીલા શ્રીજી તારી,
અગની પરિક્ષા લઈ રહી!
‘દાસ’ની તેં અરજ સુની,
બહાર વર્ષા થંભી ગઈ! (૩)

આકુળ, વ્યાકુળ નયનો મારાં,
‘શ્રીજી’ મળવા વ્યાકુળ થયા!
દોટ મુકી તુજ ભણી,
‘મીલન’ થકી પ્યાસ બુઝી! (છીપી) (૪)

***‘ચાંદશા’***
***ચંદ્રકાંત શાહ (ચટઈ)***
***(નાથદ્વારા)***

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની નવમી બેઠક તા. ૨૦-૩-૨૦૦૯ના રોજ શુક્રવારે સાંજે -૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ સંસ્થાની ૮મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

મહિલા વિભાગના સંયોજક શ્રીમતી મીનોતી પંકજ શાહ, શ્રીજી મેડીકલેમ યોજના ના સંયોજક શ્રી ભરત પરીખ, મેડીકલ તથા હોસ્પીટલ સહાય યોજનાના સંયોજક શ્રી કીર્તીભાઈ કડકીઆ, જ્યોતિપુજના તંત્રી શ્રી નીખીલ પરીખ, પુસ્તક સમીતીના સંયોજક શ્રી જગદીશ પરીખ, કોમ્પ્યુટર શીક્ષણ યોજનાના સંયોજક શ્રી સમીર ગાંધી તથા ક્રીકેટ સમીતીના સંયોજક શ્રી કીંજલ પરીખે તેમનો હીસાબ રજુ કર્યો હતો.

વસ્તી પત્રકના સંયોજક શ્રી જાસ્મીન શેઠે સભ્યોને અનુરોધ કર્યો હતો કે જુજ ફોમ બાકી રહ્યા છે તે વહેલી તકે ભરી મોકલે જેથી કામની સુઘડતા પડે.

હેલ્થ ચેક અપ કેમ્પના સંયોજક શ્રી સોમિલ મોદી એ જણાવેલુ આ કેમ્પ ‘હેલ્થ ૩૬૦’ ખાતે યોજાશે. તે માટે ફોર્મ મેળવવાની તથા ભરવાની તારીખ ૨૫-૩-૦૯ રહેશે તથા કેમ્પની તારીખ ૨૯-૩-૦૯ રવીવાર સવારે ૮ કલાકેથી રહેશે. તે માટે કુલ ૬૦૦ ફોર્મ સ્વીકારાશે. ૩૦૦ ફોર્મ મુંબઈ ખાતે તથા ૩૦૦ ફોર્મ ઉપનગર ખાતે.

કુલ ૬ નવી આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી અને તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

*મંત્રી - મંજુલ શૈલેશ ધારીઆ*
*સહમંત્રી- ભાવેશ બીપીન મોદી*

# શ્રી ઠાકોરજીની કિર્તનાવલી

## નમ્ર નિવેદન

**“સર્વ બાલાસિનોરના વૈષ્ણવ જોગ”**

પ્રિય વૈષ્ણવો ‘શ્રી ઠાકોરજીની કિર્તનાવલી ગ્રંથ’ થી વંચિત ના રહી જાય તેવી નમ્ર વિનંતી. જેઓની પાસે જ્યોતીપુંજ ના આવતુ હોય અને વસ્તી પત્રક ૨૦૦૩માં ઉલ્લેખ ના હોય તેઓએ ૧૯૯૬ના વસ્તી પત્રક કુટુંબ નં. લખી આ ગ્રંથ મેળવી લેવા નમ્ર વિનંતી. વિદેશ તથા મુંબઈ બહાર તથા રહેઠાણ બદલ્યુ હોય તે વૈષ્ણવોને પણ આ ગ્રંથ મેળવી લેવા નમ્ર વિનંતી.

‘શ્રી ઠાકોરજીની કિર્તનાવલી ગ્રંથ’ વૈષ્ણવો પાસે પહોંચતા ફોન ઉપર, રૂબરૂ તથા પત્ર દ્વારા અનહદ લાગણી દર્શાવી આશિર્વચનો આપી અમોને ભાવ વિભોર કરવા બદલ દરેક વૈષ્ણવોના ઋણી છીએ. અમારા પરીવાર તરફથી દરેક વૈષ્ણવોને ‘જયશ્રી ગોકુલેશ’

**‘હવે પછીનું પ્રાપ્તી સ્થળ’**

**૧) સુધીર સી ધારીયા** : અર્પણ ડેવલોપર્સ, સ્ટાર ટ્રેડ સેન્ટર બેસમેન્ટ શોપ નં.૬ પ્રબોધન ઠાકરે નાટયગૃહની બાજુમાં ચામુંડા સર્કલ બોરીવલી વેસ્ટ. ફોન નં.૩૨૯૨૮૯૨૯ રજા સીવાય. ટાઈમ. :૧૧ થી ૬ સુધી.

**(૨) હીતેષ કાન્તીલાલ શાહ (ડામરવાળા)** : ૬૦૧ શ્રીજી કીરણ, તેજપાલ રોડ.
દ્વારકાધીશ હવેલીની સામે, ૬ઠ્ઠે માળે, વિલેપાર્લા ઈસ્ટ
ટે.ન.૨૬૧૦૦૪૮૪ રજા સીવાય
ટાઈમ ૧૧ થી ૬ સુધી.

**(૩) S.A.Engg Corpn.** : 133, Narayan Dhuru Street, Mumbai - 400003, Ph. : 23112249, Time : 11 to 6

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની નવમી બેઠક તા. ૨૦-૩-૨૦૦૯ના રોજ શુક્રવારે સાંજે -૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ સંસ્થાની ૮મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

મહિલા વિભાગના સંયોજક શ્રીમતી મીનોતી પંકજ શાહ, શ્રીજી મેડીકલેમ યોજના ના સંયોજક શ્રી ભરત પરીખ, મેડીકલ તથા હોસ્પીટલ સહાય યોજનાના સંયોજક શ્રી કીર્તીભાઈ કડકીઆ, જ્યોતિપુજના તંત્રી શ્રી નીખીલ પરીખ, પુસ્તક સમીતીના સંયોજક શ્રી જગદીશ પરીખ, કોમ્પયુટર શીક્ષણ યોજનાના સંયોજક શ્રી સમીર ગાંધી તથા ક્રીકેટ સમીતીના સંયોજક શ્રી કીંજલ પરીખે તેમનો હીસાબ રજુ કર્યો હતો.

વસ્તી પત્રકના સંયોજક શ્રી જાસ્મીન શેઠે સભ્યોને અનુરોધ કર્યો હતો કે જુજ ફોમ બાકી રહ્યા છે તે વહેલી તકે ભરી મોકલે જેથી કામની સુઘડતા પડે.

હેલ્થ ચેક અપ કેમ્પના સંયોજક શ્રી સોમિલ મોદી એ જણાવેલુ આ કેમ્પ 'હેલ્થ ૩૬૦' ખાતે યોજાશે. તે માટે ફોર્મ મેળવવાની તથા ભરવાની તારીખ ૨૫-૩-૦૯ રહેશે તથા કેમ્પની તારીખ ૨૯-૩-૦૯ રવીવાર સવારે ૮ કલાકેથી રહેશે. તે માટે કુલ ૬૦૦ ફોર્મ સ્વીકારાશે. ૩૦૦ ફોર્મ મુંબઈ ખાતે તથા ૩૦૦ ફોર્મ ઉપનગર ખાતે.

કુલ ૬ નવી આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી અને તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

*મંત્રી - મંજુલ શૈલેશ ધારીઆ*
*સહમંત્રી- ભાવેશ બીપીન મોદી*

# શ્રી ઠાકોરજીની કિર્તનાવલી

## નમ્ર નિવેદન

**''સર્વ બાલાસિનોરના વૈષ્ણવ જોગ''**

પ્રિય વૈષ્ણવો 'શ્રી ઠાકોરજીની કિર્તનાવલી ગ્રંથ' થી વંચિત ના રહી જાય તેવી નમ્ર વિનંતી. જેઓની પાસે જ્યોતીપુંજ ના આવતુ હોય અને વસ્તી પત્રક ૨૦૦૩માં ઉલ્લેખ ના હોય તેઓએ ૧૯૯૬ના વસ્તી પત્રક કુટુંબ નં. લખી આ ગ્રંથ મેળવી લેવા નમ્ર વિનંતી. વિદેશ તથા મુંબઈ બહાર તથા રહેઠાણ બદલ્યુ હોય તે વૈષ્ણવોને પણ આ ગ્રંથ મેળવી લેવા નમ્ર વિનંતી.

'શ્રી ઠાકોરજીની કિર્તનાવલી ગ્રંથ' વૈષ્ણવો પાસે પહોંચતા ફોન ઉપર, રૂબરૂ તથા પત્ર દ્વારા અનહદ લાગણી દશાર્વી આશિર્વચનો આપી અમોને ભાવ વિભોર કરવા બદલ દરેક વૈષ્ણવોના ઋણી છીએ. અમારા પરીવાર તરફથી દરેક વૈષ્ણવોને 'જયશ્રી ગોકુલેશ'

**'હવે પછીનું પ્રાપ્તી સ્થળ'**

**૧) સુધીર સી ધારીયા** : અર્પણ ડેવલોપર્સ, સ્ટાર ટ્રેડ સેન્ટર બેસમેન્ટ શોપ નં.૬ પ્રબોધન ઠાકરે નાટયગૃહની બાજુમાં ચામુંડા સર્કલ બોરીવલી વેસ્ટ. ફોન નં.૩૨૯૨૮૯૨૯ રજા સીવાય. ટાઈમ. :૧૧ થી ૬ સુધી.

**(૨) હીતેષ કાન્તીલાલ શાહ (ડામરવાળા)** : ૬૦૧ શ્રીજી કીરણ, તેજપાલ રોડ.
દ્વારકાધીશ હવેલીની સામે, ૬ઠ્ઠે માળે, વિલેપાર્લા ઈસ્ટ
ટે.ન.૨૬૧૦૦૪૮૪ રજા સીવાય
ટાઈમ ૧૧ થી ૬ સુધી.

**(૩) S.A.Engg Corpn.** : 133, Narayan Dhuru Street, Mumbai - 400003, Ph. : 23112249, Time : 11 to 6

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. હરેશ રસીકલાલ પારેખ (લાય)**
૯૩, એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ, ફોરજેટ હીલ રોડ, ભાટીયા હોસ્પીટલ પાસે, મુંબઈ - ૪૦૦૦૩૬.
ફોન : ૨૩૫૨૫૭૫૬

**૨. કલ્પેશ સુરેશચંદ્ર ધારીઆ (બલબલ) (ઓફિસ એડ્રેસ)**
૬, દેવકરણ મેન્શન, બીલ્ડીંગ નંબર-૩, ૧ લે માળે, ૪૩, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૮૧૦૧૧ / ૬૬૩૩૧૦૦૮ / ૩૯૫૬૭૬૭૭/ ૯૮૨૦૧૮૩૯૦૭

**૩. કલ્પેશ કાંતિલાલ પરીખ (બંગાળી)**
૨૦૩, ગણેશ નિવાસ, બીજે માળે, મથુરાદાસ રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન : ૯૮૨૧૬૧૩૯૮૯

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળને મળેલાં/મળવાપાત્ર દાન

૧) શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ (લગ્ન પ્રસંગે)
રૂા. ૧૦૦,૦૦૦/-

૨) શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ
રૂા. ૧૦૦,૦૦૦/-

૩) શ્રી દીનેશભાઈ ચીમનલાલ પરીખ-રોકડીઆ
રૂા. ૧૦૦,૦૦૦/-

૪) શ્રીમતી તન્વીબેન ગૌરાંગ પરીખ (વોરા)
શાળાના ગરીબ વિદ્યાર્થીઓ માટે નોટબુક, કંપાસ બોક્ષ, કલર પેન્સીલ, રબર વગેરે .

દાતાઓનો આભાર

***મંત્રીઓ - જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ***

## શુભ લગ્ન

**ગૌરાંગ** મહેશકુમાર કડકીઆ (હાલોલવાળા)
**વીરલ** દીનેશકુમાર મોદી ના શુભ લગ્ન
તા. ૨૭.૨.૨૦૦૯ના રોજ હૈદ્રાબાદ મુકામે થયેલ છે.

## તેજસ્વી તારલા

૧) **કિશન અશોક શાહ** મરીન એન્જીનીયરીંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટમાં ૭૧ % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

૨) **પ્રીતિ કેપલ મોદી** - ઉંમર વર્ષ ૪૪ (P.G.D.M.L.T.) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેડિકલ લેબોરેટરી ટેકનીક ૨૦૦૯માં કે.સી. કોલેજમાંથી ૭૩.૬ % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| કલાબેન બાબુલાલ ગાંધી (પાકા) | ૮૨ |
| ઈન્દુબેન નલિનકુમાર શાહ (કંકુજી) | ૭૬ |
| પુષ્પાબેન મણીકાન્ત કડકીઆ (ઘંગેલા) | ૭૬ |
| મણીબેન ચંદુલાલ ધારીઆ (સુરતવાલા) | ૧૦૧ |
| મલિન રજનીકાન્ત દેસાઈ (ગાંડા દેસાઈ) | ૩૬ |
| યશવંત રમણલાલ શાહ | ૭૨ |
| લીલાબેન નટવરલાલ મોદી | ૮૨ |

પ્રભુ તેઓના આત્માને ચિરઃશાંતિ અર્પે.


## તિખારો

**એક ઘરડી સ્ત્રીને કોઇએ પૂછ્યું**
**ઘડપણ એટલે શું ?**
**તેણે જવાબમાં કહ્યું.**
**વર્ષો, ચાના કપમાં પડેલી ખાંડ જેવાં છે.**
**છેક છેલ્લો ઘૂંટડો સૌથી મીઠો હોય છે.**


Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
APRIL- 2009 JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2009-11
Registered Newspaper of India No. - B/7649


### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | ૨ મહીના | 1250.00 | + | Tax | = | 1405.00 |
| 2) Tally 9 | ૨ મહીના | 2000.00 | + | Tax | = | 2248.00 |
| 3) Web Page Designing | ૩ મહીના | 4500.00 | + | Tax | = | 5057.00 |
| 4) Desk-Top Publishing | ૩ મહીના | 2500.00 | + | Tax | = | 2809.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Address of Training Centre**

**Raj Software Technology (India) Ltd.**

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306**

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*